Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૩૩/૩૪
વીર સંવત : ૨૪૫૪/૫૫
વિક્રમ સંવત :
પુસ્તક : ૨૬
સને :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पाङ्घ्रिप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रिय सुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ० ૨૬ મું. વીર સં. ૨૪૫૪ શ્રાવણ. આત્મ સં. ૩૩ અંક ૧ લો.

## પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

### વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | શ્રી વીર જીન સ્તુતિ... | ૧ |
| ૨ | મંગળ સપ્તક. | ૨ |
| ૩ | નૂતન વર્ષનું મંગળમય વિધાન. | ૩ |
| ૪ | ઉપદેશ શતક ( આભાણશતક ) | ૧૪ |
| ૫ | જૈન ધર્મ ... | ૧૭ |
| ૬ | ગ્રંથ વાચન અને વિદ્યા વ્યાસંગ | ૨૨ |
| ૭ | સ્ત્રી વિભાગ–મહિલા સુધાર ... | ૨૬ |
| ૮ | વર્તમાન સમાચાર ... | ૩૧ |
| ૯ | આત્માનંદ પ્રકાશ માટે હૃદયોદ્‌ગાર. | ૩૨ |


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ–ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આભાર.

સારી સંખ્યામાં અમારા માનવંતા ગ્રાહકોએ પચીશમા તથા છવીશમા વર્ષની ભેટની બુકનું વી. પી. સ્વીકારી લવાજમ વસુલ કરવા માટે તેઓશ્રીનો અમો આભાર માનીયે છીયે, તેટલુંજ નહિં પરંતુ આ વખતની ભેટની આટલી મોટી બુક અને સુંદર વાંચન મળવા માટે કેટલાક સુજ્ઞ બંધુઓએ અમારી ઉપર પ્રશંસાના પત્રો લખ્યા છે, તે માટે વિશેષ નહિં લખતાં અમોને સ્વાભાવિક આનંદ થાય તેટલુંજ જણાવવું અત્ર સ્થાને બસ છે; વળી કેટલાક પ્રમાદિ ગ્રાહકોએ ધારવા પ્રમાણે ભેટની બુક માટે જાહેર ખબર કે અમારા પત્ર ઉપર ધ્યાન આપ્યા વગર વી. પી. પાછું વાળી નાહક જ્ઞાનખાતાને નુકસાન કરવા જેવું કર્યું છે; તેમાંથી કેટલાક ગ્રાહકોએ ફરી વી. પી. મંગાવેલ છે, બાકીના યત્કિચિંત રહેલા ગ્રાહક બંધુઓએ લવાજમ વસુલ કરવા માટે આવી સુંદર યાને મોટી ભેટની બુકનો લાભ ખોવા જેવું નથી. લવાજમ ગમે ત્યારે આપવાનું છે, પરંતુ ભેટની બુક સીલીકે હશે તોજ મળી શકશે જેથી તેઓએ જલદી મંગાવવા તસ્દી લેવી.

---

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી વિરચિત—

## ऐन्द्र स्तुति चतुर्विंशतिका.

### ( स्वोपज्ञ विवरणयुता )

### સંપાદક મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથમાં ચોવીશ જિનેશ્વરોની સ્તુતિઓ વિવરણ સહિત સંસ્કૃત ભાષામાં શ્રીમાન યશોવિજયજી મહારાજ કૃત આવેલ છે. કાવ્યો સુંદર અને ટીકા શાસ્ત્રીય ગંભીર વિચારોથી ભરપૂર છે. અભ્યાસીઓને પઠનપાઠન કરવા યોગ્ય આ કાવ્ય અને વિવરણ શુદ્ધ કરવા તેમજ અસલપ્રતમાં તુટી ગયેલા પાઠોને ઉપાધ્યાયજીના શબ્દોમાંજ સાંધવા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સ્તુતિપાત્ર પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથમાં આ ચોવીસી સાથે પરમજ્યોતિ પચ્ચીશી, પરમાત્મ પચ્ચીશી, વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય અને શ્રી શત્રુંજય મંડન શ્રી રૂષભદેવ સ્તવન ( સંસ્કૃતમાં ) વગેરે કાવ્યો પ્રકટ કરી સંસ્કૃત સાહિત્યની અભિવૃદ્ધિ કરી છે. સાધુસાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડારોને ખાસ ઉપયોગ માટે આર્થિક સહાય આપનાર બંધુની ઇચ્છાને માન આપી તેમણે આપેલી રકમ બાદ કરી વધારાના ખર્ચ પુરતી માત્ર કિંમત ચાર આના પોસ્ટેજ ખર્ચ બે આના સાથે માત્ર નામની કિંમત રાખેલી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર સુંદર વિવિધ શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી ઉંચી જાતના કપડાનું પાકું બાઇંડીંગ કરાવેલ છે.

લખોઃ—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः ।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५४. श्रावण. आत्म संवत् ३३. { अंक १ लो.

## " શ્રી વીરજીન સ્તુતિ. "

( રાગ—આશાવરી. )

આજે આપણુ સૌએ પ્રેમે નામ મહાવીર લીજે.
સુખદાયી સુનામ પ્રભુનું, મંગલકારી પ્યારૂં;
કષ્ટ નિવારણુ મનહર પ્રભુ તું, અખિલ વિશ્વના તારૂં;
આજે આપણુ સૌએ પ્રેમે નામ મહાવીર લીજે. (૧)
પ્રીતે જપીશું વીરજપમાળા, એજ હમારૂં કામ;
કર્મ પડલ સહુ દૂર કરી જે, અર્પે મુક્તિ નિધાન.
આજે આપણુ સૌએ પ્રેમે, નામ મહાવીર લીજે (૨)
બાળહૃદયની વિનતિ અંતે, કરજો વ્હાર કૃપાલુ;
જ્યોતિ આત્માનન્દ પ્રકાશકી, દેજો નિત્ય દયાલુ.
આજે આપણુ સૌએ પ્રેમે, નામ મહાવીર લીજે. (૩)

વાડીલાલ જીવાભાઇ ચોકસી.—ખંભાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# મંગલ–સપ્તક.

મંગલ શુભ દીન આજ, અમારે–મંગલ.
ફલશે વાંચ્છિત કાજ, " "

**મહાવીર સ્મરણ—** (૧)

નૂતન વર્ષારંભે સ્મરણુ કરવું શ્રી "મહાવીર"
મેલવીએ જીવન અવલોકી બોધ અનુપમ ધીર! અમારે ૧.

**ગુરૂદેવ વન્દન—** (૨)

શ્રી ગુરૂદેવ નમન કર સ્નેહે સૂરિવર 'આતમરામ',
ભારત ભૂષણુ દૂષણુ વિણુ એ **યોગીશ્વર** નિષ્કામ. અમારે ૨.

**ધર્મ શ્રદ્ધાન—** (૩)

છે જીનદેવ પ્રણેતા જેના 'ધર્મ' અનુપમ એહ,
સ્યાદ્‌વાદ રસ સ્વાદ સુધારસ પાન કરો ધરી નેહ. અમારે ૩.

**રત્નત્રયી મીલન—** (૪)

"દેવ, ગુરૂ અને ધર્મ" પરત્વે પ્રગટાવો ભવિ! પ્રેમ,
**સમકિત શ્રદ્ધા** સાથે સુંદર **રત્નત્રયી** મળે તેમ. અમારે ૪.

**ઉદ્દેશની યાદ—** (૫)

નૈતિક, સમાજીકને ધાર્મિક પ્રશ્નો યોગ્ય જણાય,
ચર્ચિશ સમ્યગ્ ભાવે જેથી સંગઠ્ઠન દૃઢ થાય. અમારે ૫.

**સીલ્વર–પહિચાન—** (૬)

**સીલ્વર જ્યુબીલીનો** મનહર ઉત્સવ અવસર જાણુ,
આન્દોલન દ્વારા રસ રેલી કરવી યોગ્ય **પિછાન.** અમારે ૬.

**મંગલ સમર્પણુ—** (૭)

સહધર્મિ બન્ધુ ગણુ સાથે સહાયક જે જે મ્હારા,
**મંગલ માલ** સમર્પું તેને શ્રી **આત્માનંદ** દ્વારા. અમારે ૭.

**સંઘવી વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન वर्षनुं मंगलमय विधान

પંચ સમવાયરૂપ કારણોમાં ઉદ્યમને પ્રધાન કરી અજ્ઞાનરૂપી અંધકારનો આધ્યાત્મિક પ્રકાશવડે વિલય કરી જૈન સૃષ્ટિમાં નવસર્જનનાં કિરણો ફેંકતું આત્માનંદ પ્રકાશ આજના મંગલમય દિવસે ૨૯ મા વર્ષમાં પ્રવેશ કરે છે; પ્રવેશ કરતાંની સાથેજ આંતર સ્વગત પ્રશ્ન પુછે છે કે, આટલા વર્ષોના ' શ્રાવણો ' વીતી ગયા પછી અને ભરયૌવન કાલોચિત પત્ર દેહનો વિકાસ થયા પછી સ્વનામની સાર્થકતા મારાથી થઇ શકી છે ? તે વખતે આંતર-નાદ-અનાહત નાદ પ્રકટે છે અને પ્રતિધ્વનિ થાય છે કે જાતિ, ધર્મ અને અધ્યાત્મના વિચારોને ( thought waves ) પોતપોતાને સ્થાને સ્થાપીને **सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः** એ સૂત્રના રહસ્યને સિદ્ધ કરી બતાવ્યું છે, અને તે દ્વારા વાંચકોના અંતઃકરણમાં સૂક્ષ્મ પરિણામો નીપજાવ્યા છે તે માટે સંતોષ ધારણ કરે છે.

## अपूर्णता अने प्रगति—

પરંતુ આટલા સંતોષથી વિરામ ચિન્હ તે મુકવા માગતું નથી. સર્વજ્ઞ ભગવાન્ સિવાય પ્રત્યેક ચૈતન્યમય મનુષ્ય જ્યાં અપૂર્ણ છે ત્યાં જડ પ્રકાશ અપૂર્ણ હોય તેમાં આશ્ચર્ય શું ? પરંતુ એ પ્રકાશનું આત્મા સાથે મિશ્રણ થતાં તેમાં અપૂર્વ ચૈતન્ય પ્રકટે છે તેથી ઉત્સાહિત થઇ યૌવનસુખની પ્રગતિમાં આગળ વધવા ઇચ્છે છે અને અત્યાર સુધીમાં જેવી જેવી લેખ સામગ્રીથી સુંદર પરિણામ ઉત્પન્ન કરેલું છે, તેથી દ્વિગુણિત પ્રગતિમાન્ થવા વિચારે છે. કાળના અનંત મહાસાગરમાં સૃષ્ટિ ઉપર તેનું કાર્ય અલ્પ ગણાય, પરંતુ આત્માના આનંદને પ્રકટ કરવાનું જે મંગલ કાર્ય તેણે આરંભેલું છે તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં કાર્યની મહત્તા અનલ્પ અને અમૂલ્ય છે એમ પણ તે જાણી શકે છે.

## संज्ञानो उपनय.—

૨૯ ની સંજ્ઞા ( term ) પરમાત્મા મહાવીર ચોવીશમા તીર્થંકર જેના શાસનમાં આ પત્ર પ્રગતિ કરી રહ્યું છે તે અને તેમના નિશ્ચય અને વ્યવહાર બે ચક્રવાળા આધ્યાત્મિક રથ ઉપર આરૂઢ થયેલા આ પત્ર અર્જુનના સારથિ શ્રી કૃષ્ણની પેઠે પરમાત્માના સારથિપણા નીચે અધિષ્ઠિત થયેલું છે; આત્મા અને કર્મોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુદ્ધ થવાનું છે, પ્રત્યેક વ્યકિતએ અભિસંધિજ વીર્યથી સમરાંગણમાં યુદ્ધ કરવાનું છે; અનાદિ કાળથી ચાલતાં યુદ્ધમાં મનુજગતિ નગરીમાં આ યુદ્ધ બરાબર જાગૃતિ પૂર્વક થઇ શકેતો પુરૂષાર્થદ્વારા ચૈતન્યનો અવશ્ય વિજય છે; અહિં જન્મ જરા મૃત્યુરૂપ આંતર શત્રુઓનો વિજય કરવાનો છે. અને તે વિજય કરવામાં પરમાત્મા મહાવીરનું આધ્યાત્મિક જીવન સારથિરૂપ–પ્રેરણારૂપ, (motive power) છે આવા ઉપનય પુર્વક નૂતન વર્ષમાં પ્રવેશતાં સ્વત: ગૌરવયુકત અભિનંદન લે છે.

## झरो अने अखंडता.—

સવારે બપોરે સાંજે રાતે કાલે મહિના પછી અને દશ વર્ષ પછી આપણે એક ઝરો જોઇએ છીએ ત્યારે આપણને લાગે છે કે આપણે એનો એ ઝરો જોઇએ છીએ; વાસ્તવિક રીતે વહેતા ઝરાનું અમુક સમયે દેખાયલું બિંદુ બીજીજ સેકન્ડે ત્યાંથી આગળ ચાલ્યું ગયું હોય છે અને તે જગ્યાએ નવુંજ બિંદુ આવેલું હોય છે. એ પ્રમાણે સમયે સમયે ઝરાનું સ્વરૂપ બદલાવા છતાં એકંદરે ઝરો એનોએજ દેખાય છે; જગત્ અને જીંદગીનું પણ એમજ હોઇ આ પ્રકાશ પણ નવાં નવાં દ્રષ્ટિબિંદુ આ (angles of vision) સ્યાદ્વાદ દષ્ટિએ ગ્રહણ કરતું આગળ વધતું જાય છે; આ સંબંધમાં વિશેષ સ્પષ્ટ ખુલાસો વાંચકોની બુધ્ધિતુલાને ન્યાય માટે સૂચવી યત્કિંચિત્ નિવેદન રજુ કરીએ છીએ.

## स्मरणोनुं सिंहावलोकन.—

ગત વર્ષનાં સંસ્મરણોમાં સૌથી અગ્રપદે શ્રી **શત્રુંજય મહાતીર્થનું ઉદ્દઘાટન** આવે છે. લગભગ અઢી વર્ષનાં યાત્રાત્યાગરૂપ અસહકારના તપ પછી પાલીતાણાના નામદાર દરબારશ્રી તથા જૈન સમાજ વચ્ચેના ઝઘડાનો નામદાર વાઇસરોય મારફત સંતોષકારક નિકાલ થઇ ગયો છે. આ સંબંધમાં કેટલાક મનુષ્યો ભિન્ન ભિન્ન અભિપ્રાયો ધરાવે છે અને એમ પણ કહેવા માગે છે કે આપણે બહુ ઓછામાં ઓછું હક્કની રૂએ મેળવેલું છે; વસ્તુત: આ સંબંધમાં તટસ્થ વિચારકોની સંખ્યા આપણી કોમમાં બહુ અલ્પ પ્રમાણમાં છે; અને તેમાંએ સમતોલન સ્વભાવે પોતપોતાના વિચારો સ્ફુટ આકારમાં રજુ કરનાર સમાજ સેવકો તો તેથી પણ અલ્પ સંખ્યામાં છે; આપણા પરંપરાગત હક્કો, દરબારી સત્તાની મર્યાદા અને ત્રીજું સંરક્ષણનો બદલો–આમાં તમામ હક્કો ઇ. સ. ૧૮૭૭ પ્રમાણે કાયમ રહ્યા છે; પરંતુ તેમાં હક્કોની ચોખવટ સારી રીતે થઇ ગઇ છે; દરબારી સત્તાની મર્યાદાની ચોખવટમાં નાની કોર્ટોની હાડમારી વાળી પરતંત્રતા બંધ થઇ છે અને સંરક્ષણના પ્રશ્નમાં સાઠ હજારની રકમ વિશેષ થઇ છે; પરંતુ મે. વોટસનના ચુકાદાને અંગે સદરહુ રકમ સંતોષકારક માની શકાય; તે સાથે ૧૯૨૧ ના ઠરાવ મુંબઇ સરકારનો વિરૂદ્ધ પડતો જેટલો હતો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂર કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંતોષકારક સમાધાનવાળા નિર્ણયને માટે અવિરત પ્રયાસ કરનાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ સાહેબો તેમાંએ ખાસ કરીને શેઠ કીકાભાઇ પ્રેમચંદને ધન્યવાદ ઘટે છે; પરંતુ આ નિર્ણય પછી આપણું કર્તવ્ય ના૦ દરબારશ્રી સાથે સદ્‌ભાવ તેમજ તેમની ન્યાયશીલતા ઉપર પણ પરસ્પર વિશ્વાસ વધારીને કામ લેવાનું છે; અને તે આ સર્વ ઠરાવોના ઇતિહાસની પાછળનો પ્રધાન નિર્દેશ-ધ્વનિ છે. આપણા સદ્‌ભાવો છતાં પણ જો મુશ્કેલી ચાલુ રહે તો ન્યાય મેળવવા સરકારની દરમ્યાનગીરીનો નિરૂપાયે આશ્રય લેવો પડે; આપણા પ્રતિનિધિઓએ કોઇપણ પ્રકારની મોહિનીમાં અંજાઇ જઇ દરબારને આત્મસમર્પણ કર્યું છે એ આક્ષેપમાં મુદ્દલ તથ્યાંશ નથી; આપણે આશા રાખીશું કે દરબારશ્રી શાસનતંત્ર સંચાલક તરીકે જૈનો સાથે ઉદાર ભાવનાથી વર્તે, જકાતની સર્વાંશે મુક્તિવાળી નવાજેશ બનતી ત્વરાએ પ્રકટ કરી જૈન સમાજના હૃદયોને પ્રેમ ભાવનાથી આકર્ષે અને એ રીતે જૈન સમાજ અને તેમની વચ્ચેની સહાનુભૂતિ અને સહભાવનો સાંકળને દીર્ઘકાળ સુધી દ્રઢીભૂત કરે

ગતવર્ષમાં અતિવૃષ્ટિનું ભયાજનક સંકટ ભવિતવ્યતા અને મનુષ્યોનાં સમુદાય પાપ કર્મના ઉદયથી ગુજરાત અને કાઠીયાવાડ ઉપર આવી પડયું હતું; મનુષ્યો અને પશુઓ પણ અણધાર્યા સંકટમાં આવી ગયા હતા. કુટુંબોનાં કુટુંબો ઘરબાર વિગેરેથી રખડતાં થયાં હતા; તેવા કટોકટીના પ્રસંગે સ્વયંસેવકોની તનતોડ મહેનત, શ્રીમંતોનાં અઢળક દાનો અને સહાનુભૂતિઓ સંકટ દૂર કરવા માટે વપરાયાં હતાં અને નિરાધારોને સારી મદદ તનમન ધનથી અપાઇ હતી. એ દયાળુ જૈનોની જૈન સૃષ્ટિમાં જીવંત યોગ્યતા જણાઇ હતી. જ્યારે જ્યારે પાપ વાસનાઓ પૃથ્વી ઉપર વધી જાય છે ત્યારે ત્યારે કુદરતના અગમ્ય સંકેતથી આવાં સંકટો મનુષ્યમાં રહેલા દયા ઉદારતા વિગેરે સદ્‌ગુણોને કસોટીપૂર્વક ખીલવે છે અને એ દ્વારા મનુષ્યોનાં મનુષ્યત્વની પરીક્ષા સ્થૂલ જગત્‌માં થાય છે.

**જૈન કોન્ફરન્સનું** અસ્તિત્વ સજીવન કરવા માટે જૈન સમાજની જાગૃતિ હજી વિચાર વાતાવરણમાં ગાઢ નિદ્રા લે છે; હજી સુધી આગેવાનોમાં ઉદાર ચિત્તપણું, અને સંપીને એકત્ર મળી કાર્ય સિદ્ધિ કરવાની ધગશ ઉત્પન્ન થઇ નથી, એ જૈન સમાજને માટે ઘણું શોકજનક ભાવિ છે. હાલતો જૈન સમાજ કુટુંબ કલેશની શરૂઆતથી જ્ઞાતિકલેશ અને સંઘકલેશની વિડંબનામાંથી પસાર થાય છે, તેવા પ્રસંગમાં અખિલ હિંદ જૈન કોન્ફરન્સની એકત્રતાની આશા સ્વપ્ન તુલ્ય થઇ ગઇ છે. જ્યાં પત્ર પત્ર વચ્ચે વિચાર ભેદને અંગે ઇર્ષ્યાઓ સેવાતી હોય, ખંડનના અન્યસ્ત્રો ફેંકાતા હોય, અહમહમિકાની નદીના પૂરમાં ઉભય સૈન્યો તણાતા હોય ત્યાં વાતાવરણની એકતા શી રીતે થઇ શકે ? જૈન સમાજ, તું આર્ય સમાજનું દૃષ્ટાંત લે. ઉચ્ચમાં ઉચ્ચ તત્વજ્ઞાનને ધરાવવાનો દાવો કરતો તેમજ ' સવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ કરૂં શાસન રસી ' એ ભાવનાના અધિષ્ઠાતા શ્રી મહાવીરને અનુસરવામાં ગૌરવ માનતો જૈન સમાજ વિચાર ભેદ હોવા છતાં સંપીને–મળીને કાર્ય કરવાનું તું દૃષ્ટિબિંદુ ( Point of view ) સાચવી રાખ! તોજ જૈન દર્શન જેવા વિશાળ દર્શનના તત્વજ્ઞાનનો અપૂર્વ સ્વાદ તું બીજાને ચખાડી શકીશ; અન્યથા કુસંપનું વાતાવરણ ઘનીભૂત થતાં આપસ આપસમાં રાજરોગ લાગુ પડી જશે એ પણ સંભાળવા સાવચેત રહે જે! નૂતન સેક્રેટરીઓ શેઠ નગીનદાસ કરમચંદ અને ચીનુ-ભાઇ લાલભાઇ સોલિસિટર તથા અન્ય આગેવાન કાર્ય કર્તાઓને વિનંતિ કરીએ છીએ કે તેઓ પ્રયાસ કરી સંગઠન દ્વારા જૈન કોન્ફરન્સ ભરવાનો પ્રબંધ કરે અને એ રીતે જૈન સમાજનું અખંડ બળ સાચવી રાખે.

**સાધુ સમ્મેલન** સંબંધમાં પણ મહાન આચાર્યોને વિનંતિ કે આપ ધર્મ સ્તંભો છો; અત્થમિએ જિન સૂરજ કેવળ ચંદે જે જગદીવો ' એ વાકયદ્વારા આપના હાથમાં શાસનનું સુકાન ગણાય. આપ એકત્ર મળી વિશાળ અને ઉદાર વાતાવરણ કેળવી સાધુ સંઘ એકત્ર કરો અને જૈન સમાજની ક્ષતિઓ અટકાવવા જરૂરી પ્રબંધ રચી સન્માર્ગે દોરવવા કટિબધ્ધ થાઓ; અને જૈન શાસનનો વિજય ધ્વજ એક ઝુંડા નીચે તૈયાર કરો એ પ્રાર્થના છે; પરસ્પર કિલષ્ટ વાકય રચનાઓ તજી દેવા અને ઉધ્ધાર કાર્ય માટે પ્રગતિશીલ થવા તેમજ જૈન કોન્ફરન્સ તરફ સહાનુભૂતિ દર્શાવી જૈન સમાજને ઐકય તરફ પ્રેરવા પ્રગતિ કરશો એવી આશા નિષ્ફળ નહિંજ જાય.

**આરોગ્યતાના** વિષયમાં જૈન સમાજ તદ્દન પછાત છે, એમ કહેવામાં અમે ધૃષ્ટતા કરતા નથી; આ માટે સ્થળે સ્થળે સૌથી પ્રથમ કર્તવ્ય તરીકે કસરત માટે અખાડાઓ ખોલવાની જરૂર છે; આ અખાડાની તાલીમની શરૂઆતથી બાળકો માયકાંગલા અને નિસ્તેજ નહીં રહે. મનોબળ પ્રાથમિક દૃષ્ટિથી મજબૂત થતું રહેશે જેથી બ્રહ્મચર્ય પણ નૈષ્ઠિક રીતે મન વચન કાયાથી પાલન કરી શકાશે અને એ રીતે જૈન સમાજમાં ઓજસપૂર્ણ પ્રતિભાવાળા આદર્શ જૈનો પાકશે; દાકતરની દવાઓની જરૂરીઆત ઓછી થશે; આરોગ્ય શાસ્ત્રનું ઘરગતુ જ્ઞાનનાં પ્રચારનાં સાધનો સ્ત્રીઓ તેમજ પુરૂષોને સાહિત્યદ્વારા અવાર નવાર મળતાં રહેવા જોઇએ, જેથી પ્રસ્તુત જ્ઞાનથી તે રોગો સામે સાવચેત રહી શકે. જૈન સેનેટરી એસોસીએ-શનની હીલચાલ ઘણી સુંદર અને સમાજના દર્દનાં મૂળની પરીક્ષા કરી જૈન સમાજ પ્રતિની ઉત્તમ સેવા અમુક અમુક અંશે બજાવે છે; ફીલ્મોદ્વારા જૈન સમા-જને વ્યાધિ અને તેનાં સ્વરૂપો બતાવી સાવચેત કરે છે; તેમના સેક્રેટરીઓને ખાસ સૂચના આપીએ છીએ કે તેઓ ફીલ્મોદ્વારા જૈન સમાજને સાવચેતી આપ-વાના પ્રસંગો ચાલુ રાખે અને એ રીતે જૈન સમાજની અધિકાધિક સેવા બજાવે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી મુંબઈ સ્વયંસેવક મંડળે તે માટે વ્યાયામશાળા ખોલી પ્રથમ પગલું ભરવા માટે તે પણ ધન્યવાદને પાત્ર છે.

**તીર્થ કમીટીની** સ્થાપનાની જરૂરીઆત એકદમ આવી પહોંચી છે, પણ તે ભારતવર્ષના દરેક મોટા શહેરોમાંથી વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ વાળી હોવી જોઈએ; આ કમીટીમાં ધનિક વિદ્વાન અને સેવાભિલાષીનો સરખો યોગ મળવો જોઈએ. એ રીતે કમીટીને વિશાળ સ્વરૂપ આપી ધનની જ્ઞાનની અને જાતિ ભોગની સેવાઓ આપનાર વ્યકિતઓનું મંડળ બનાવી અન્ય દર્શનીઓ તરફથી થતાં આક્રમણોમાંથી બચાવવાની શીઘ્ર તક આવી પહોંચી છે; સદરહુ કમીટી પ્રચલિત છાપાઓમાં હેવાલ મોકલે અને પત્રિકાઓ પ્રકટ કરી જૈન સમાજને માહીતગાર રાખે; પૂજ્ય સાધુ મુનિરાજોની પણ આ કમિટી વખતે વખતે સલાહ લે તે માટે પણ તેમનું એક મંડળ નીમાવાની આવશ્યકતા છે.

**દક્ષિણ** મહારાષ્ટ્રમાં **બીજાપુરમાં મુનિરાજ શ્રી રાજવિજયજીના** દૂર દૂર વિકટ વિહાર પછી શ્રી પાર્શ્વનાથજીના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે દક્ષિણ જૈન પરિષદ જેવાં અધિવેશનદ્વારા દાક્ષિણાત્ય જૈનોની એકતા સિદ્ધ કરી એ ખારાં જળમાં મીઠા મહેરામણ તુલ્ય આનંદ જનક પ્રસંગ છે. પ્રસ્તુત પરિષદમાં જૈનોની ઘટતી જતી સંખ્યા, સંઘરચના, સંગઠન, કેળવણીના આદર્શો વિગેરે વિષયો ચર્ચવામાં આવ્યા હતા; પરંતુ આવા અનેક વિષયો ચર્ચાય છે પણ તેની પાછળ તે તે કાર્યો પાર-પાડવા માટે જોઇતું ઉત્સાહિત કર્તવ્યબળ રહેતું નથી એ ખેદનો વિષય છે. વર્ત-માન સંઘર્ષણ કાળ કાર્ય કરવાનો–કર્તવ્યમાં મુકવાનો આવી પહોંચે છે, જો કે ઠરા-વોની લાંબી હારમાળા ઘડી નથી એ ખુશી.થવા જેવું છે.

ગત વર્ષમાં જર્મન વિદુષી **મિસ ક્રાઉઝ** ઉર્ફે શ્રીમતી **સુભદ્રાદેવી** જેઓ જર્મન યુનિવર્સિટીના અધ્યાપિકા છે તેમણે કાઠીઆવાડની મુલાકાતના પ્રસંગે ભાવનગરમાં આવી જન સમાજને પોતાની જૈન ધર્મ પ્રતિની ભાવનાશીલતાનો સારો પરિચય કરાવ્યો હતો. તેમની સાદાઇ, સરળતા, તત્વજ્ઞાનની જિજ્ઞાસા અને શ્રાવિકાના આઠ અણુવ્રતોનું પાલન અને ત્યાગ વિગેરે સદ્ગુણો તેઓ જર્મની જેવા દૂર દેશના રહેવાસી છતાં પ્રશંસનીય છે; સાહિત્ય તરફનો તેમનો પ્રેમ અપૂર્વ છે; તેઓ શિવપુરીમાં વિદ્યાભ્યાસ કરે છે. પ્રસ્તુત મિસ ક્રાઉઝનો જૈન ધર્મ પ્રતિનો અનુરાગ હોવામાં સાધનભૂત તરીકે મુનિરાજ શ્રી વિજયેંદ્રસૂરિ અને વિદ્યાવિજયજીને માન ઘટે છે.

શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાને નાο સરકારે **રાવબહાદુર** બનાવ્યા છે તે માટે અભિનંદન સત્કારવા સાથે તેઓ જૈન સમાજ માટે સેવા અર્પવા સદરહુ પદવીદાન થયું છે એમ માની લઇ તે પદવીનો ઉત્તમ ઉપભોગ–સમાજસેવા પ્રસં-ગોપાત કરવા તૈયાર રહેશે એમ ઈચ્છી સંતોષ પકડીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નવપદજીનાં** આરાધન માટે મુંબઈમાં એક મંડળ છે, જે ચૈત્ર તથા આસો માસમાં અવારનવાર નવપદજીની ભકિત રૂપે પત્રિકાઓ બહાર પાડી અનેક મનુષ્યોને તે વિઘ્નવિનાશી તપમાં જોડે છે તે માટે અભિનંદન આપતાં તેમના સામુદાયિક ધર્મસાધન માટે તીર્થક્ષેત્ર ઉપર શાસન પ્રભાવના દ્વારા અનેક મનુષ્યોના આત્મકલ્યાણનો ઉત્કર્ષ સાધી રહેવા માટે સહાનુભુતિ દર્શાવીએ છીએ.

અમદાવાદમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ **જૈન બોર્ડીંગ** ખોલવા માટે ૫૧ હજાર રૂપિયા આપી કેળવણી તરફનું પોતાનું વલણ બતાવી આપ્યું છે; જૈનત્વ પ્રાપ્ત કરવાનું સાધન કેળવણી છે તે વર્તમાન કાળને અનુસરીને વ્યવસ્થિત રીતે અપાય અને આવી અનેક બોર્ડીંગો સ્થળે સ્થળે પ્રકટે ત્યારેજ જૈન તત્વજ્ઞાન ફેલાવી શકે તેવા પદ્ધતિસર તૈયાર થયેલા વીર મનુષ્યો પાકે; પણ હજી જૈન સમાજનું આ ક્ષેત્ર તરફ વલણ બહુ સ્વલ્પ પ્રમાણમાં છે. શાસ્ત્રમાં કહેલું છે કે એક ક્ષેત્ર જ્યારે અતિ નવપલ્લવિત હોય છે અને અન્ય ક્ષેત્રો સુકાતાં જતાં હોય છે ત્યારે સુકાતાં ક્ષેત્ર તરફ દષ્ટિ કરીને તે ક્ષેત્રો પુષ્ટ કરવા, જેથી પાણીની નીકો તમામ ક્ષેત્રોને મળી શકે; દર્શન ક્ષેત્ર કરતાં જ્ઞાન અને ચારિત્ર ક્ષેત્રોને નવપલ્લવિત કરવાના શુભ પ્રયત્નો કરવાનો વર્તમાન સમય છે એ ભૂલવા જેવું નથી એમ દરેક જૈનને સાચી સમજ પાડનાર વ્યકિતઓ મંડનાત્મક રીતે વસ્તુસ્થિતિને પ્રતિપાદન કરનારી હોવી જોઇએ તોજ ધારેલી અર્થસિદ્ધિ થઇ શકે.

જૈન પત્રની **સીલ્વર જ્યુબીલી** માટે તૈયારી અને તે પત્ર તરફ અસંખ્ય સહાનુભૂતિઓએ બતાવી આપ્યું છે કે પચ્ચીશ વર્ષની તેની સતત સેવાને માટે તે જ્યુબીલી ઉજવવાને તદન વ્યાજબી છે; આ પત્રે કોન્ફરન્સનું પ્રચારકાર્ય, **વાડીલાલ મોતીલાલ** શાહે પ્રતિપાદન કરેલી અવાસ્તવિક હકીકતોની સામે વાસ્તવિક મુદ્દામ હકીકતોનું નિદર્શન, **શત્રુંજય** યાત્રાત્યાગનું પ્રચાર કાર્ય અને દરેક વખતે વસ્તુ સ્થિતિનું ભાન કરાવવામાં જૈનસમાજની અણમૂલી સેવા બજાવી છે એ નિર્વિવાદ છે; અમો પ્રસ્તુત જૈન પત્રના અધિપતિને ભવિષ્યના નજીકના જ્યુબીલી પ્રસંગને અભિનંદન આપતાં એક વિશેષ સૂચના કરી લઇએ છીએ કે તેમણે માત્ર જ્યુબીલીમાં જૈન પત્રે કરેલ સેવાના યશોગાનમાંજ સંતોષ--સમાપ્તિ માની ન લેતાં કોઇક વિશાળ સમ્મેલનની યોજના એવી રીતે કરવી કે જેમાં જૈન સમાજની ઉન્નતિ થાય તેવો સક્રિય ( Positive ) પ્રબંધ કરવા ભારતવર્ષના આગેવાનોને આમંત્રવા અને જ્યુબીલીને એક જીવંત ( practical ) સ્વરૂપ આપી તે નિમિત્તે જૈન સમાજની એકત્રતા વિશાળતા અને કર્તવ્યદિશા નક્કી કરવાના નિમિત્તભૂત બનવું.

ગત વર્ષમાં પૂનામાં અપૂર્વ **જ્ઞાન મહોત્સવ** મુનિરાજશ્રી **દર્શનવિજયજી**, **જ્ઞાનવિજયજી** અને **ન્યાયવિજયજી**ની સમ્મિલિત અને ઉત્સાહી ત્રિપુટીના પ્રયાસથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો છે. જ્ઞાનપંચમીને દિવસે પ્રાચીન અર્વાચીન પુસ્તકો અનેક વિધ ફરનીચરથી શોભાવવામાં આવ્યા હતા; તેમજ પ્રાચીન તાડપત્રોનાં પુસ્તકો, સ્તોત્રબદ્ધ ફૂલમાળાઓ, સાધુઓનાં ઉપકરણો અને વ્યાકરણ અને ન્યાયસાહિત્યના ગ્રંથો વિગેરેથી જ્ઞાનપંચમીનો મહોત્સવ ઉજવાયો હતો; જ્ઞાનપંચમીનું માહાત્મ્ય આવી પદ્ધતિથી સ્થળે સ્થળે ઉજવાય એજ દ્રવ્યક્ષેત્ર કાળભાવની શ્રી જિનેશ્વરની રાજનીતિને માન આપ્યું ગણાય; આ રીતે વિદ્વાન જૈનેતરોને જૈન સાહિત્યની સવિશેષ ઉપયોગિતાની ખબર પડે અને વિશાળ જૈનદર્શનનાં દર્શન જ્ઞાન–ચારિત્રની ત્રિપુટીનાં ઉપકરણોની માહીતી રહસ્ય સાથે સમજી શકે, અને એ રીતે જૈનદર્શનને વિશ્વદર્શનના વિશાળ સ્વરૂપમાં કિંડરગાર્ટન પદ્ધતિએ ઓળખાવી શકાય; અને જૈન વાઙ્મય કેટલા વિપુલ પ્રમાણમાં છે તેના અદ્વિતીય સાહિત્યનું સ્વરૂપ જગતના ચોકમાં મુક્તસ્વરે પ્રબોધી શકાય.

ગતવર્ષમાં શેઠ ભાણાભાઈ ભુધરાજી તથા વકીલ નંદલાલ લલ્લુભાઇ જેવા ધર્મિષ્ટ અને ભદ્રક પરિણતિવાળા બંધુઓનો જૈન સમાજને વિગોગ થયો છે જેથી તેમની સપ્રસંગ ખેદકારક નોંધ તથા શ્રીમદ્ વિજયકમળસૂરિજીની મૂર્તિપ્રતિષ્ઠાનો માંગલિક પ્રસંગ સંસ્મરણમાં તાજો કરીએ છીએ.

## सामाजिक अने धार्मिक परिस्थिति.

હાલમાં સામાજિક અને ધાર્મિક સવાલોના નિર્ણયની ચર્ચાઓ જોસભેર થવા લાગી છે, એક તરફથી સમાજમાં બાળલગ્ન, વૃદ્ધવિવાહ કન્યાવિક્રયના રીવાજો જડ નાંખતા જાય છે ત્યારે બીજી તરફ રોટીવ્યવહાર ત્યાં બેટીવ્યવહારનો સામાજિક પ્રશ્ન પણ તેવાજ જોરશોરથી ચર્ચાય છે. સમાજ જ્ઞાતિ અને ધર્મનાં કાનુનોનું પૃથક્કરણ કરી પ્રત્યેકના કાનુનોને પોતપોતાના સ્થાનમાં યોજવાનો સંઘર્ષણકાળ વર્તમાનમાં વર્તે છે; વિચારક વર્ગ એ પરિસ્થિતિ લાવવાના પ્રમાદમાં રહેશે તો સામાજિક અને ધાર્મિક કાયદાઓના સંકરપણામાં ઝઘડાઓ વધતા જશે, અનેક ગુંચવણો વારંવાર ઉભી થશે અને ભલભલા અનુભવીઓ તેનો નિકાલ કરી શકશે નહિં. પરંતુ સામાજિક અને જ્ઞાતિ કાયદાઓને ધર્મના કાયદાના મૂળરૂપ નૈતિક ( moral ) કાયદાનો તો આશ્રય જોઇશેજ. આ પ્રસંગે શ્રી જૈનધર્મ પ્રકાશના ગત વૈશાક માસના અંકમાં શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ સામાજિક ધાર્મિક પ્રશ્નોના પૃથક્કરણમાં–સામાજિક અને ધાર્મિક અધોગતિને ઉત્પન્ન કરનારી વિધવાવિવાહની હકીકત સમાજ સમક્ષ વિચારવાને મુકી છે તે સંબંધમાં અમો પણ તટસ્થ વિચારકો માટે સપ્રસંગ જણાવીએ છીએ. તેમણે કહ્યું છે કે વર્ણાશ્રમધર્મ જૈનને ધાર્મિક દૃષ્ટિએ લાગતો વળગતો નથી વેદાનુયાયીનેજ લાગે વળગે છે. માટે જૈનધર્મ પાળતી વ્યક્તિને ગમે તે વર્ણાશ્રમમાં કન્યા આપી શકાય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હકીકત એમ છે કે જ્યારે રોટી બેટીવ્યવહારથી તેઓ આગળ વધીને બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર જે જૈનધર્મ પાળતો હોય તેમની વચ્ચે કન્યા લેવડ દેવડમાં જૈનધર્મની દૃષ્ટિએ અડચણ લાગતી નથી તેવા સિદ્ધાંત ઉપર આવે છે ત્યારે પ્રસ્તુત ચાર વર્ણાશ્રમવાળાઓ જૈનધર્મ પાળવાનો દંભ રચી જૈન કન્યાઓનું પાણિગ્રહણ કરી પછી જૈનધર્મને તજી દેવા તૈયાર થશે તો કેટલા નૈતિક અનર્થો તેમાંથી પ્રકટશે તે વિચારવાનું છે એ એક; બીજું ચારે વર્ણાશ્રમવાળાઓની સાથે જૈન કન્યાવ્યવહાર શરૂ થયા પછી ભોજનવ્યવહાર પણ ચાલુ થવો જોઇશે ત્યારે બ્રાહ્મણ ક્ષત્રિય અને શુદ્રના આચારવિચારો વૈશ્યથી અનેક રીતે ભિન્ન હોઇ કેટલું નૈતિક અધ:પતન વધી જશે એ પણ સાથેજ વિચારનું છે. બીજી તરફ શ્રીયુત મોતીચંદભાઇએ તેજ પ્રકરણમાં વિધવાવિવાહના પ્રશ્નનો વિચાર કરવા જૈનસમાજને સૂચવ્યું છે, આ બાબતને અંગે અમો તેમના જેવા વિદ્વાન વિવેચકને કહેવા માગીએ છીએ કે જૈનો સામાજિક દૃષ્ટિએ વિધવાવિવાહને ઉત્તેજન આપવાનો પ્રશ્ન ચર્ચવા પહેલાં પ્રસ્તુત પદ્ધતિમાં કેટલા અનર્થો ભવિષ્યના ગર્ભમાં રહેલા છે તે વિચારો પ્રથમ કરવાના છે. આર્યસ્ત્રીની પ્રતિવ્રતની ભાવનાનો કેટલે દરજ્જે વિનાશ થાય છે તેને માટે સમાજ પુનર્લગ્નદ્વારા ભવિષ્યની પ્રજાને અમર્યાદિત વિષયવાસનાની વૃદ્ધિ કરવાના અવનતિનાગર્તમાં નાંખવા નિમિત્તભૂત ગણાશે; ઉપરાંત શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજીએ ચારિત્રપદની પૂજાની આઠમી પૂજાના દુહાંમાં પ્રતિપાદન કરેલાં વાકયો—

**'બાલવૃદ્ધ વિધવા લગન મર્યાદા સેં બહાર,**
**ઉત્તમ નરનારી નહિં દેવે જગ સત્કાર.'**

પણ વિચારવા લાયક છે તેમજ નૈતિક અને ધાર્મિક દૃષ્ટિએ પ્રસ્તુત વાકયો કેટલાં સત્ય છે તે તેમની પાસેથી જાણી લેવાની જરૂર છે; તેમજ 'ઘરઘરણું કીધાં કરાવ્યાં' એ ચતુર્થવ્રતના અતિચાર તરીકે ધાર્મિક દૃષ્ટિએ સામાજિક ઉન્નત દૃષ્ટિ શા માટે દર્શાવી છે તેનો પણ ઉહાપોહ કરવાની જરૂર છે; તદુપરાંત વિધવાવિવાહના પ્રશ્નની સાથે પ્રથમના પતિના પુત્ર પુત્રીના વારસાના હક્કોનો પણ વ્યવહારિક દૃષ્ટિએ મોટો ગોટાળો ઉભો થશે. આ રીતે સામાજિક દૃષ્ટિ ધર્મના નૈતિક સિદ્ધાંતને અનુસરીને ચર્ચાય તોજ 'શુદ્ધવ્યવહાર' પ્રકટાવી શકાય; અને એ રીતે સામાજિક કાયદાઓને ધર્મના નૈતિક ટેકા વગર પ્રચલિત કરી શકાય નહિં એમ અમને સચોટપણે લાગે છે. અમો આશા રાખીએ છીએ કે વર્ણાશ્રમ બેટીવ્યવહાર અને વિધવા વિવાહના બન્ને પ્રશ્નો સામાજિક અવનતિના પ્રધાન સાધનભૂત તરીકે દીર્ઘવિચાર પૂર્વક સિદ્ધ કરી સંકેલી લેવા જેવા છે. એટલુંજ નહિં પરંતુ કન્યાવિક્રય વૃદ્ધવિવાહ અને બાળલગ્ન જે વિધવા વિવાહનો સવાલ ઉપસ્થિત કરાવે છે તે નાબુદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમ થાય તેના વિચારોનું વાતાવરણ વધારી તેઓ સામાજિક ઉન્નતિના માર્ગે અધિક ઉત્સાહવાળી લેખિનીથી પ્રયત્નશીલ થશે એવી શ્રીયુત મોતીચંદભાઇને સપ્રસંગ સૂચના કરીએ છીએ.

## लेख दर्शन—

ગત વર્ષમાં ૩૧૪ પાનાઓમાં ૪૧ પદ્ય લેખો તથા ૫૪ ગદ્ય લેખો મળી કુલ ૯૫ લેખો આપવામાં આવ્યા છે. પદ્ય લેખોમાં **શ્રીમદ્ અજિતસાગરસૂરિ** ના લેખો સંસ્કારી ભાષાના વાહન ( vehicle ) ઉપર ભાવના રસની પ્રવાહ રેલાવતાં અગ્રપદ ધરાવે છે; તેમના આઠ લેખો **પૂ૦ વિનયવિજયજી ઉપાધ્યાયની** શાંત સુધારસ ભાવનાના લયમાં–ઠુમરી વિગેરે રાગરાગિણીના શાંત રસ પ્રવાહમાં જુદા જુદા દષ્ટિબિંદુઓથી **શ્રીમહાવીર સ્તવન** તથા **શ્રી ભક્તામરની પાદપૂર્તિરૂપ** વિવિધપદ્ય સંકળનાથી ગ્રથિત થયેલા છે. ત્યારપછી **શ્રી વિહારીના** વીરપંથ પ્રભુ મિલન તથા **મુનિરાજ શ્રી દર્શનવિજયજીના** ભાવ ધન્વંતરિને વિનંતિ રૂપ પદ્ય લેખો રસપૂર્ણ, અનિત્ય ભાવના દર્શક તેમજ ભાવવાહી છે. **સંઘવી વેલચંદ ધનજીના** પદ્યાત્મક લેખો ગત વર્ષમાં ફકત ચારજ છે, જેમાં વર્ષગાંઠ તથા પ્રારંભ-મંગળના પદ્યો અધ્યાત્મ ભાવનાના દ્યોતક છે; રા૦ **મનસુખલાલ ડાયાભાઇના** સાત પદ્ય લેખો છે; તેમનાં લેખો હમેશાં રસિક અને લાગણીને સ્પર્શનારા હોઇ ઉત્તેજનને પાત્ર છે. એટલું જ નહિં પરંતુ કવિજીવનની પ્રગતિની સુંદર આગાહી આપે છે. કાલની ફાલ અને પશ્ચાત્તાપનાં કાવ્યો સુંદરતા અને મધુરતાના મિશ્રણ સાથે આત્માને પ્રબુદ્ધ કરનારાં છે; **મુનિ કસ્તુરવિજયજી**ની બાળબત્રીશી અને ગુરૂસ્તુતિ પ્રશસ્ય અને બાલોદ્યાનમાં સુગંધી કુસુમો વેરે છે; આ ઉપરાંત રા૦ **મહુધાકરના** મેમાન વિગેરે ચાર પદ્ય લેખો, રા૦ **કેશવલાલ લક્ષ્મીચંદનો** જિન ભક્તોને એ લેખ, રા૦ **કાંતિલાલના** તો શું થયું ? વિગેરે બે લેખો, રા૦ **વાડીલાલ ચોકસીના** વીરવાંછા વિગેરે ચાર લેખો, રા૦ **લાલચંદ વહોરાનો** ઐશ્વર્યના ઓજસ માટેનો લેખ વિગેરે પદ્યાત્મક લેખો કલ્પના વડે ભવ્ય અને ઉત્તમ વિચારસામગ્રી પુરી પાડે છે; **એચ. પી. પોરવાડ** સાદડીવાળાનો ' શરણ જીવન કો કરને દે ' લેખ શૌર્યપૂર્ણ અને આત્માઓને ઢંઢોળીને જાગૃત કરનાર પદ્ય લેખ પણ પ્રશસ્યજ છે; કાવ્યસૃષ્ટિને રસમય કરતાં આ તમામ લેખો જૈન સૃષ્ટિમાં નૂતન પ્રવાહ ફેલાવે છે.

હવે ગદ્યાત્મક લેખોના આવિષ્કરણમાં **શ્રી તીર્થંકર ચરિત્ર** કે જે જૈન દર્શનના મૂલભૂત સિદ્ધાંત અગીઆર અંગોમાં માગધી ભાષામાં આવેલું છે, તેનું ભાષાંતર ( મુનિશ્રી દર્શનવિજયજી ) એ ઐતિહાસિક દષ્ટિના શોધકોને સારો પ્રકાશ પાડે છે; કેમકે દષ્ટાંત તરીકે શ્રી મહાવીર ચરિત્ર, આદિનાથ ચરિત્ર કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પાર્શ્વ**નાથ ચરિત્ર વિગેરે **કલ્પસૂત્ર**માં સર્વાંગ સંપૂર્ણ આવતું નથી, જેથી પ્રસ્તુત અંગોમાં આવેલાં ચરિત્રો ઐતિહાસિક દૃષ્ટિએ સારી રીતે માર્ગદર્શક થઇ પડશે એવી અમારી માન્યતા છે; પ્રસ્તુત ચરિત્ર લગભગ અગીઆર લેખોમાં ગત વર્ષમાં અપાયું છે, શ્રી **વિહારીએ** ' ચત્તારી અટ્ઠ દસ દોય વંદિઆ ' નો જૂદા જૂદા દૃષ્ટિબિંદુથી વંદન પાઠ પ્રાચીન પરિપાટીથી દર્શાવેલો છે તે પણ ભાષા શાસ્ત્રીઓને તેમજ પ્રભુવંદન પ્રેમીને અગત્યની જ્ઞેય વસ્તુ છે; રા૦ **વિઠ્ઠલદાસ મુળચંદ શાહે** લગભગ નવ લેખોમાં કેટલાક ઉપયોગી વિચારો તથા સુજનતા અને સુસ્વભાવના લેખોનો પરિચય આપ્યો છે; તેમની શૈલિ હમેશાં મંડનાત્મક હોય છે અને તેથી નૈતિક દૃષ્ટિએ સમાજને સારી રીતે ઉપયોગી હોય છે; **પૂજ્યપાદ શ્રી કર્પૂરવિજયજી**એ બ્રાહ્મણ કોને કહેવા તેમજ અંતઃકરણની જાગૃતિ વિગેરે ચાર લેખો પોતાની હંમેશની સરળ અને પ્રાચીન શૈલિને અનુસરીને ઉપદેશક લેખોવડે સુંદર સમજણ આપી છે; **રા૦ ઘેલાભાઇ પ્રાણુલાલ**ના વીરપૂજનના થાળ, શ્રદ્ધા અને શિક્ષણ વિગેરે છ લેખો, મનનીય અને બોધપ્રદ છે; શ્રી૦ **તુલનાત્મક દૃષ્ટિના** શિખરપરથી દૃષ્ટિપાતના સાત લેખો વર્તમાન સમયનાં સામાજિક અને ધાર્મિક દૃષ્ટિબિંદુને ચર્ચનારાં હોઇ જૈન સૃષ્ટિમાં જાગૃતિનાં પ્રેરક છે; રા૦ **મોહનલાલ ડી.** ચોકસીનાં વીશમીસદીનું બંધારણ, વર્તમાન પરિસ્થિતિ, સંઘ રચના અને જૈન ધર્મ વિગેરે લેખો પ્રત્યેક હકીકતને યોજનાપૂર્વક માર્ગદર્શક થાય છે અને સક્રિય વિચાર સામગ્રી સમર્પે છે; રા૦ **નાનચંદ ઓધવજી**ના યોગ અને એક સ્ફુરણા વિગેરે ચાર લેખો યોગ સંબંધી સુંદર પ્રકાશ પાડે છે; પ્રસ્તુત યોગસાધના તેમણે થોડે ઘણે અંશે જીવનમાં ઉતારેલી હોઈ તેમના લેખો ભવિષ્યમાં યોગાભિલાષીઓને માર્ગદર્શક થઈ પડશે કેમકે તેઓ વારંવાર **પોંડીચેરી**માં શ્રીયુત **અરવિંદ ઘોષ** પાસે જઈ યોગની તાલીમ લે છે. જેથી પ્રસ્તુત પત્રમાં પણ હવે પછી યૌગિક પ્રસાદીનો અનુભવ આપતા રહેશે એમ ઇચ્છીશું. રા૦ **શંકરલાલ ડાયાભાઇ** કે જેઓ પાલીતાણા ગુરૂકુળના સુપ્રીન્ટેન્ડન્ટ છે તેઓ હાલમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ ( Scientific view ) જૈન દર્શનની સમજાવટ દ્વારા નવયુગના વિદ્યાર્થીઓને સરળતાથી સમજાવી શકાય તેવી શૈલિનો વિચાર કરી રહ્યા હોય તેમ લાગે છે; કેમકે જૈન દૃષ્ટિએ વિજ્ઞાન યુગના લેખો તેમણે લખેલ છે; હવે પોતાનું દૃષ્ટિબિંદુ તે લક્ષ્યમાં ખાસ ચાલુ રાખશે. આ ઉપરાંત મુનિશ્રી **બુદ્ધિવિજયજી**નો કર્મવાદ લેખ, ઉછરતા લેખક રા૦ **કસ્તુરચંદ**નાં મોંઘાજીવન તથા પ્રગતિ સૂત્રોનાં ત્રણ લેખો, રા. બીરબલનાં ' **એ વિશ્વવંદ્ય વિભૂતિને,** રા૦ **મનઃસુખલાલ ડાયાભાઇના** લેખો, રા૦ **સુધાકર**ના આપણી જૈનોની વીરતા કયાં ? વિગેરે ત્રણ લેખો, રા૦ **પોપટલાલ રતિલાલ**નો મન નીરોગી તો શરીર નીરોગી, રા૦ **મહુધાકર**નો પર્યુષણા પર્વની આરાધનાનો લેખ, રા૦ **આત્મવલ્લભ**ના શાંતિનું સ્વરૂપનો લેખ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવના ત્રણ કુટુંબો અને રેખાસૂત્રો વિગેરે લેખ સામગ્રી જુદા જુદા દષ્ટિબિંદુઓથી મનુષ્યોની આત્મભૂમિકા ઉપર સુંદર પરિણામોની ( Creative ) ઉત્પાદક છે; આધ્યાત્મિક શાંતિ, આરોગ્ય, પશ્ચાત્તાપ, મનોબળ, વીરતા, પુરૂષાર્થ અને અનિત્યતા વિગેરે આત્માના અનેક ગુણોને વિકાસ કરવામાં પૂર્વોકત તમામ લેખો નિમિત્ત-ભૂત છે, પરંતુ આત્માનું ઉપાદાન કારણ ( જાગૃત ) તૈયાર હોય તો જ નહિં તો લેખોના ઢગલાઓ પણ આત્માના ઉત્ક્રાંતિ ક્રમને વધારી શકતા નથી. આ ઉપ-રથી એ ફલિત થાય છે કે આત્મજાગૃતિ રાખી પ્રત્યેક લેખોને વાંચવા વિચારવા અને નિદિધ્યાસન કરી વર્તનમાં મુકવા, તેમજ તે સાથે સેક્રેટરીના તરફથી વર્તમાન સમાચારના ૧૩ લેખો તેમજ સ્વીકાર અને સમાલોચનાના ૧૦ લેખો અને ૨ પ્રકીર્ણ લેખો આપવામાં આવ્યા છે. તેમજ પીઠ પૃષ્ઠ ઉપર ૯ લેખોના ફકરાઓ પ્રાચીન અને આધુનિક વિદ્વાનોનાં અનુભવ રહસ્યનાં રત્નો રૂપે ટાંકવામાં આવ્યાં છે જે સામાજિક અને આધ્યાત્મિક પ્રગતિશીલ મનુષ્યોને માર્ગદર્શક છે.

**નૂતન વર્ષમાં** ઉપરના તમામ ગદ્યપદ્ય લેખકોને નૂતન લેખ સામગ્રી સાથે પ્રેરક થવા આમંત્રીએ છીએ. તેમજ અન્ય પ્રતિભાશાલી લેખકોને ઉતમ લેખો દ્વારા પોતાની સેવા વ્યક્ત કરવા સાદર નિમંત્રણ કરીએ છીએ.

**अभिलाषा—**

નવીન વર્ષમાં ‘ **વસુદેવ હીંડી** ’ જેવો અભૂતપૂર્વ પ્રાચીન મહદ્ ગ્રંથ કે જે સારીરીતે સંશોધન થઇ છાપવો શરૂ થઇ ગયેલો છે, તેનો એક વિભાગ શીઘ્રપણે પ્રકટ કરી દેવામાં, સ્ત્રી ઉપયોગી લેખોનો વિભાગ પ્રત્યેક માસિકમાં ચાલુ રાખવામાં, સસ્તું સાહિત્ય પ્રચાર, નવીન ગ્રંથ પ્રકાશન સમૃદ્ધિ, ગ્રંથ સીરીઝની પદ્ધતિમાં વૃદ્ધિ વિગેરેમાં અમારૂં માનસ ઉત્સાહિત થઇ રહેલ છે, એ અમારા અભિલાષને વ્યક્ત કરતાં આ સભાના યત્કિંચિત્ કાર્યની ૨૫ વર્ષની કદર તરીકે **સીલ્વર જ્યુબીલીના** પ્રસંગ ઉજવવાની સ્મરણ જાગૃતિ આપી શ્રી સંઘને અમારા ઉચિત કર્તવ્યોમાં સહાય અર્પવા પ્રાર્થના કરીએ છીએ.

**अंतिम भावना—**

ધર્મની સૂક્ષ્મ ભાવના ( astral ideal ) એ સામાજિક સગવડ ખાતર કલ્પી કાઢેલી અથવા તો અમુક સ્થળ કાળમાં વસી શકે અથવા ન વસી શકે તેવી કોઇ નબળી પોચી અસ્થિર વસ્તુ નથી. એ ભાવના મનુષ્યજીવનમાં અનાદ્યનંત અવિચલ ઠરેલી હોય છે; આ ભાવનાને અવલંબીને ઋતુ ઋતુનાં ફળ હોય છે તેમ યુગ યુગની સર્જન શકિત ( creative power ) હોય છે; દરેક મનુષ્ય ઠોકર ખાઈ ખાઇને અનુ-ભવી થાય છે; પ્રત્યેક મનુષ્યનાં હ્રદયના અંતિમ પ્રદેશમાં સદ્ગુણો સુપ્ત અવસ્થામાં છે; તેને જાગૃત કરનાર નિમિત્તભૂત રાજરાજેશ્વર પરમાત્મા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ ધનવિજય ગણિ વિરચિત.

# આભાણશતકમ્.

( અપર નામ–ઉપદેશશતક. )

અનુવાદક:—સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી.—તળાજા.

૧ ગુરૂના ચરણકમળને પ્રણમી અને શ્રુત દેવતાને સ્મરી કલ્યાણકારી ઉખાણા હેતુ સહિત કહેવામાં આવશે.

૨ જિનધર્મમાં રકત એવા ઉત્તમ કુળવાન્ પુરૂષ સર્વ જનોને પૂજનીય બને છે. ' સોનું ને વળી સુગંધ ' હોય તેને કોણ ન આદરે.

૩ તુષ્ટિ પુષ્ટિકારી ગોળની જેમ શ્રેષ્ટ જિનધર્મ ચરાચર સર્વ પ્રાણીઓને પ્રીતિકારી થાય છે.

૪ પુષ્કળ દૂધથી ભરેલા દક્ષિણાવર્ત શંખની પેરે વિધિપૂર્વક આરાધ્યો છતો જૈનધર્મ સુખકારી થાય છે.

---

જાગૃત મનુષ્ય વિદ્યુતની જેમ રાગદ્વેષના દ્વંદ્વ રહિત સક્રિય અને નિષ્ક્રિય ( positive & negative ) શકિતદ્વારા જેટલા પ્રમાણમાં આકર્ષી શકે છે તેટલા પ્રમાણમાં પરમાત્મા પાસેથી વિદ્યુત્ જ્યોતિ ( light of electricity ) મેળવી શકે છે અને આત્મપ્રદેશમાં પ્રેરક શકિત ( motive power ) પ્રકટે છે; આવા પરમાત્મા ચરમશાસનાધિપતિ શ્રી મહાવીરના અધિષ્ઠાયક દેવ જેમણે ગત વર્ષમાં શ્રી શત્રુંજય તીર્થાધિરાજની દ્રવ્ય ભાવ દર્શનમાં અવ્યકત સહાય શ્રી સંઘને સમર્પી છે તે ચાલુ વર્ષમાં જૈન સમાજમાં એકતા વધારો, વિશાળતા સમર્પો, દિગંબર શ્વેતાંબર વચ્ચેનાં તીર્થક્ષેત્રોનાં કલેશોરૂપ વાદળાંઓ વિખેરી શાંતિમય જીવનપ્રભા વિસ્તારો, પાલીતાણા દરબારશ્રી અને જૈન સમાજ વચ્ચે સહાનુભૂતિ અને સદ્‌વૃદ્ધિનો ઝરો પ્રવાહિત રાખો, અને પ્રસ્તુત પત્ર નવીન વર્ષમાં લેખકો અને વાંચકોમાં શાંતિનો પ્રચાર કરી તેમના આત્માને ઉજ્જવળ બનાવી અંતિમ સ્વાતંત્ર્ય–મુકિત પ્રતિ પ્રગતિમાન કરો. આવી દેવ, ગુરૂ પરત્વે પ્રાર્થના પ્રેરી ઉપસંહારમાં નીચેનો શ્રી **મહાવીર** પરમાત્માની સ્યાદ્‌વાદમય આજ્ઞાનો સ્તુતિશ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**निश्चय व्यवहाराभ्यां स्वात्मीकृत जगत्रयः ।**
**षड्विंशंतितमे वर्षे वीरस्तनोतु मंगलं ॥**

**[ ॐ शांतिः ]**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ જેમ આંબાના ફળની આકાંક્ષા આંબલીના ફળથી પૂરાતી નથી તેમ જિન ધર્મના ફળની આકાંક્ષા અન્ય ધર્મોવડે પૂરી શકાતી નથી.

૬ જ્ઞાન, દર્શન ને ચારિત્રવડે સારીરીતે ભાવિત એવો આત્મા ખીરખાંડને ઘીના સ્વાદથી અધિક સુખ પામશે.

૭ ધર્મનિષ્ઠા વગર મંત્ર, તંત્ર, યંત્રને, ઔષધનું જ સેવન સઘળું જળને વલોવવા જેવું અસાર સુજ્ઞોએ વિચારવું.

૮ ધર્મ ઉપદેશ સમયે જે લક્ષપૂર્વક સાંભળતો નથી, પણ પ્રમાદ કરે છે—ઉંઘે છે; તે સોનાનો નિધાન મળવાને વખતે અંધાપો પામે છે ને તેના લાભથી વંચિત રહે છે.

૯ અમૃત જેવો મીઠો—શીતળ ને સુખદાયક જિન ધર્મ તજી, નિર્ભાગી જનો મિથ્યાત્વ રૂપી વિષને આદરે છે.

૧૦ જૈનશાસનને પરિહરી, જેણે અન્ય મત આદર્યો છે તેણે પોતાનાં બંને નેત્રો બંધ કરી અંધકાર પેદા કર્યો છે.

૧૧ ધર્મોપદેશ તથા દાન દેતાં શ્રમ તથા દ્રવ્યનો વ્યય થાય તો તે કપૂર ચાવતાં દાંત પડવાની જેમ નિન્દાપાત્ર ન થાય.

૧૨ યથાર્થ ગુણોથી ભરેલા શ્રી જૈન શાસનમાં પણ જે દૂષણ હોવાનું કહેવું તે દૂધ મધ્યે પૂરા કાઢવા જેવું છે.

૧૩ પ્રમાદી ને અતિ અભિમાનીના ચિત્તમાં ધર્મવાસના ન પ્રગટે. નિર્ભાગીના ઘરમાં પ્રાયે નિધાન ટકી ના શકે.

૧૪ મરણના અવસરે ( અવસાન વખતે ) ધર્મ કરવાનો મનોરથ વિશાળ સરોવર ખાલી થયા બાદ તેને પાજ બાંધવા જેવો નિરર્થક જાણવો. પહેલાંથી જ ધર્મકાર્યમાં સાવધાન રહેવું જોઇએ.

૧૫ પુન્યશાળી સાથે પુન્યહીનને સ્પર્ધા કરવી ન પાલવે. શું હાથીઓની પેરે મનુષ્યો શેલડીના સાંઠા ચાવી શકે ?

૧૬ કાણા કુંભમાં જેમ જળ ટકી ન શકે તેમ પાપ કર્મવડે મલીન પ્રાણીમાં ધર્મ વાસના રહી ન શકે.

૧૭ દરીયામાં જળ પુષ્કળ છતાં પાત્ર પ્રમાણે પ્રાપ્ત થાય તેમ પૃથ્વીમાં રત્નો પુષ્કળ છતાં પુન્ય પ્રમાણે તે પમાય.

૧૮ દેવગુરૂ પ્રમુખ સારી સામગ્રી મળ્યા છતાં જે પ્રમાદિ બની રહે છે તે પાસે સરોવર જળથી ભરેલું છતાં તરસ્યો રહે છે.

૧૯ તીર્થયાત્રાકારી ભાગ્યશાળી ભૂતળમાં સંઘપતિ થાય છે તેથી આ વાત સત્ય થઇ છે કે ધર્મસેવનથી જય પમાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ દયા સર્વ જનોને અભીષ્ટ છે અને તે વીતરાગ સર્વજ્ઞોએ ઉપદેશેલી છે. એ તો ‘ દૂધમાં સાકર ભળી ’ તથા ‘ જોઇતું હતું ને વૈદ્યે કહ્યું ’ સમાન લેખવા યોગ્ય છે.

૨૧ જેમ ગઇ તિથિ બ્રાહ્મણે ન વાંચે તેમ પૂર્વે કરેલાં પાપને ધર્મીજનો અનુમોદન ન જ આપે.

૨૨ જેમ પાણીના માર્ગે પાણી શીઘ્ર વહી જાય છે, તેમ ધીર ઉત્તમ જનો સ્વભાવે જ ઉત્તમ માર્ગે જાય છે.

૨૩ જેમ ઉપાય કરવાથી પાણીની ગતિ ( ધાર્યા પ્રમાણે ) નીચે ઉંચે થાય છે તેમ ઉપદેશ દેવાથી પાપ સ્વભાવવાળાની સદ્‌ગતિ થઇ શકે છે. ( પાપ પરિહરવા વડે ).

૨૪ જેમ વટેમાર્ગુઓ દૂરથી વૃષ્ટિ થયાની વાતો કરે છે:તેમ જિનોક્ત દયાદાનાદિક ધર્મને બીજા ધર્મવાળા વખાણે છે–વિસ્તારે છે.

૨૫ સંપૂર્ણ કળા પૂરેલા મોરના નૃત્યની જેમ પરંપરાગત ધર્મ વગર સર્વ કરણી શોભતી નથી.

૨૬ ક્રમાગત સુસાધુ સમુદાયને તજી, મોહવશ વિકળ બની સાયરને તજી જેમ દેડકા ખાબોચીયાનો આશ્રય લે છે તેમ અન્ય અસાર સમુદાયનો આશ્રય શોધે છે.

૨૭ પોતાના ગમે તેવા અશુદ્ધ ધર્મને ખોટો કોણ માને છે ? પોતાની દુષ્ટ માતાને ડાકણ કોણ કહે વારૂ ?

૨૮ જેમ કુતરાનું પુંછડું યત્નથી દાટી રાખ્યું હોય તો પણ સીધું થતું નથી તેમ ગમે તેટલી રક્ષા ને શિક્ષા પામેલ નીચ જનો સન્માર્ગને આદરતા જ નથી.

૨૯ જ્ઞાન, દર્શન ને ચારિત્રની આશાતના ઘણી વાર કર્યા પછી મિચ્છામિ દુક્કડં દેવો તે સાગરમાં લોટની ચપટી નાંખવા સમાન લેખાય.

૩૦ પરસ્ત્રીમાં લંપટ અને પરદ્રવ્યનો ચોર પ્રાયે વિનાશને પામે છે, કેમકે (ધર્મે-જય ને) પાપે ક્ષય.

૩૧ જે મુખ્ય માર્ગને તજી, સ્વેચ્છાચારી બને છે તે નિન્દાપાત્ર થાય છે. પાપી પાપવડે પચાય છે અર્થાત્ પાપનો ઘડો ભરાય એટલે ફૂટે છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનધર્મ.

## જૈન ધર્મની કેટલીક વિશિષ્ટતાઓ.

ગત વર્ષના અંક ના પૃષ્ટ થી શરૂ.

(૧) જૈનધર્મ પ્રમાણે આ જગતની રચના ઈશ્વરે નથી કરી પણ તે અનાદિકાળથી છે; છતાં કાળપ્રભાવે તેમાં વૃદ્ધિ-ક્ષય થતાં રહે છે.

(૨) કેટલાક શોધકના મત અનુસાર અત્યારની દુનિયા આસ્ટ્રેલિયા સાથે છ ખંડ જેટલીજ છે. જે જૈનધર્મ પ્રમાણે ખરૂં નથી. આ છ ખંડ ધરતી એ જંબુદ્વીપનામા વિશાળ એટનો ભરત તરીકે ઓળખાતો, અને તે પણ અર્ધો ભાગ માત્ર છે. એ ભરત જેવા તો કેટલાયે બીજા ક્ષેત્રો જંબુમાં છે અને ઉપરાંત જંબુદ્વીપ જેવા સંખ્યાબંધ દ્વીપો અને એને ફરતાં મોટા સમુદ્રો છે. વળી એ સર્વ થાળીના આકારે ગોળ છે. વળી કેટલાક પૃથ્વીને સૂર્યની આસપાસ ફરતી માને છે તે વાત પણ અત્રે મંજુર નથી. જડ પદાર્થને ગતિ કરતો માનવાનું કંઇ કારણ નથી. એમાં કલ્પના જાલપર મંતવ્ય બાંધતાં પહેલાં જ્ઞાનીના વચનોજ વધુ શ્રદ્ધેય છે. એટલે સૂર્ય ચંદ્રના વિમાનો ઉક્ત જંબુદ્વીપના મધ્યભાગમાં આવેલા મેરૂનામા વિશાળ પર્વતની પ્રદક્ષિણા કરતાં ગતિ કર્યા જાય છે, તેથી અમુક ભાગમાં દિવસ અને અમુક ભાગમાં રાત્રિ થવારૂપ ક્રમ જળવાય છે.

(૩) જગતના જીવોને પ્રાપ્ત થતાં સુખ દુ:ખોમાં ઘણા ઈશ્વરનો હાથ જુએ છે. "ભાઇ ! એતો પ્રભુની મરજી" એમ મન મનાવે છે પણ એવું કંઇજ નથી. એ સર્વનું નિમિત્ત કારણ જીવે કરેલા પોતાના પૂર્વભવોનાં કર્મોજ છે. એટલે કે કર્મસત્તાથીજ આ સચરાચર જગતનું ચક્ર વહ્યા કરે છે.

(૪) કેટલાકની માન્યતા જ્યારે એવી હોય છે કે કોઈપણ જીવ વધારેમાં વધારે ધર્મકરણી કરી, ભગવાનના ભક્તપણાને પામી શકે છે, પણ તેથી આગળ તે જઈ શકતો નથી, જ્યારે જૈન ધર્મ તો સ્પષ્ટ કથે છે કે દરેક જીવ જો કર્મક્ષય કરવામાં ઉત્કૃષ્ટ વીર્ય ફોરવે તો, તે પોતાના મૂળ ગુણોને નિર્મળ કરી જાતે પરમાત્મા બની શકે છે.

(૫) જગત રચના–તેમાં વારંવાર થતા ફેરફારો દરેક કાર્યોની નિષ્પત્તિ અને ભિન્ન ભિન્ન સ્વભાવ આદિમાં કોઇ ઇશ્વરને કર્ત્તા હર્ત્તા ઠરાવે છે, કોઇ બ્રહ્મા વિષ્ણુ ને શિવની ત્રિપુટીને આગળ ધરે છે, કોઇ પ્રકૃતિના માથે એ બોજો ઠલવે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે કેટલાક એ સર્વ મિથ્યા છે યાને માયાજાળ છે એમ માની, પરભવ જેવા મહત્વના પ્રશ્નપર આંખ બંધ કરી આ ભવ મીઠાની લ્હેરમાં મશગુલ બને છે. જૈન ધર્મ આ વાત ખુલ્લી રીતે ઇનકાર કરતાં 'પરભવ છે' એ માન્યતાપર ભાર મૂકી કર્મ–પુરૂષાર્થ–કાળ–સ્વભાવ અને નિયતિરૂપ પાંચ સમવાય કારણથી વિશ્વના દરેક બનાવો–ફેરફારો કિંવા કાર્યો થઈ રહ્યા છે એ વાત પુરવાર કરી બતાવે છે.

**સામાન્ય અવલોકન.**

આ સિવાય પણ બીજી નાની મોટી બાબતો છે જે વિષે આગળ વાત કરીશું. પ્રથમ આપણે જૈનધર્મ વિષે ઉપલક દ્રષ્ટિએ વિચાર કરી જઇએ કે તે શું વસ્તુ છે? તેમાં કયા કયા નવિન વિષયો છે કે જે વિષે અન્ય મતોમાં ભાગ્યેજ એકાદ હરફ પણ ઉચરાયો હોય. વળી વર્તમાન સમયે જૈનદર્શન વિષે વિદ્વાનોનો શો મત છે અને તેમાં કેટલો સત્યાંશ રહેલો છે?

**જૈન ધર્મ અર્વાચીન નથી પણ પ્રાચીન છે.**

થોડા વર્ષ પહેલાં એ માન્યતા ચાલતી હતી કે જૈનધર્મ એ બૌદ્ધધર્મ કે બ્રાહ્મણ ધર્મની એક શાખા છે અને તેના પ્રચારક શ્રી મહાવીર છે અને તેના તત્ત્વો નાસ્તિકતાને પેદા કરનારા છે. પણ અભ્યાસે અને શોધખોળે આ વાતને જૂઠી પાડી છે અને સાબીત કરી આપ્યું છે કે માત્ર બુદ્ધ કે બ્રાહ્મણધર્મના પુસ્તકોના વાંચન ઉપરથી અને જૈનધર્મ સંબંધી કંઇ પણ જ્ઞાન નહિં ધરાવનાર વિદ્વાનોની આ ઉપજાવી કાઢેલી કલ્પનાજ હતી. વળી એ કલ્પના પર ઓપ ચઢાવનાર કેટલાક વિદ્વાનો શ્રી મહાવીર તેમજ બુદ્ધના કેટલાક તત્વોમાં મળતાપણું જોઈ એમ કરવા લલચાઇ ગયા હતા, પણ આજે એ બધું અદ્રશ્ય થઇ ગયું છે. પાશ્ચિમાત્ય વિદ્વાનો પણ માનવા લાગ્યા છે કે જૈનધર્મ એ એક જૂદોજ ધર્મ છે જે બુદ્ધ કે બ્રાહ્મણ ધર્મની સરખામણીમાં ઉભો રહી શકે તેમ છે અને તેનો પણ કાળ જૂના સમયનો, પોતાનો નિરાળો સંદેશ જગતને પહોંચાડવાનો પણ છે. જૈનધર્મ એ બુદ્ધ અને બ્રાહ્મણ ધર્મથી સાવ નિરાળો ધર્મ છે, એટલુંજ નહિં પણ આત્મા અને વિશ્વ વિષેના તેના મંતવ્યો જોતાં વિચિત્ર લાગે તેવા છતાં યુક્તિયુક્ત છે. વળી પેલા બન્નેથી જૂદા છે, છતાં સમજમાં આવી શકે તેવા છે.

તર્કશાસ્ત્રની દ્રષ્ટિયે જોતાં એની સ્યાદ્‌વાદની થીયરી કંઇ જૂદીજ રીતે તરી આવે છે. વિશ્વરચના પરત્વેના પ્રથક્કરણમાં તે દલીલપૂર્વક આગળ વધ્યે જાય છે અને આચારમાં એના નિયમો નીતિશાસ્ત્રની ઝીણામાં ઝીણી પરીક્ષાને પણ વટાવી જાય તેવા છે, આ રીતે દરેક દ્રષ્ટિબિંદુથી જોતાં જૈનધર્મ એક નિરાળો પણ જાણવા જેવી વસ્તુ છે અને માનવ જાત–અરે! આખીયે જીવરાશિની ઉત્ક્રાન્તિ કિંવા સ્વ કલ્યાણમાં એણે સારો ફાળો આપ્યો છે. જૈનધર્મ બુદ્ધધર્મની શાખા નથી એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત હવે દીવા જેવી સ્પષ્ટ છે. વળી બૌદ્ધધર્મના ગ્રંથો જેવા કે ' મહાવગ્ગ ' અને ' મહા પરિનિર્વાણ ' સૂત્ર જેવામાં જ્ઞાતપુત્ર સંબંધી, તેમની માન્યતા સંબંધી, અને ગૌતમ બુદ્ધના સમોવડીયા તરીકેના જે ઉલ્લેખો નજરે પડે છે એ ઉપરથી, સહજ સમજી શકાય તેમ છે કે ઉભય સમકાલીન છતાં ભિન્ન માર્ગી હતાં. જ્ઞાતપુત્ર એ ક્ષત્રિયનો એક ભાગ જે જ્ઞાતક વા નાતક તરિકે ઓળખાતો હતો, તેમાં શ્રી વીર જન્મેલા હોવાથી પડેલું નામ છે. જ્ઞાતપુત્ર એટલેજ શ્રીમહાવીર. શ્રી કલ્પસૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્રમાં ઘણી વેળા શ્રીવીરને સ્થાને એ શબ્દનો પ્રયોગ કરાયેલો નયનપથમાં આવે છે. દર્શનસારના કર્ત્તા શ્રી દેવનંદી આચાર્ય તો કહે છે કે શ્રી બુદ્ધ પિહિતાશ્રવ નામના સાધુના શિષ્ય હતા કે જે પિહિતાશ્રવ સાધુ પ્રભુશ્રી પાર્શ્વનાથની છઠ્ઠી પાટે પરંપરામાં થયા હતા. ટુંકમાં કહેવાનું એટલુંજ છે કે આ અને આવા બીજા ઉલ્લેખો પરથી સાબીત થાય છે કે બૌદ્ધધર્મ કરતાં જૈન ધર્મ જુનો છે પણ તેની શાખા તો નથીજ.

જૈનધર્મ બૌદ્ધધર્મથી પણ પ્રાચીન છે કે જે વાત બુદ્ધના સમયમાં તેમની સહ મેળાપ થયેલા કેટલાક જૈન સાધુ કિંવા નિગ્રંથોના વૃતાન્તો ઉપરથી ફલિત થાય છે. આ ઉપરાંત મહાભારત પણ એ વાતની સાક્ષી પુરે છે. તેમાં કેટલેક ઠેકાણે જૈનધર્મ સંબંધીના ઉલ્લેખો દ્રષ્ટિગોચર થાય છે જ્યારે બુદ્ધધર્મ સંબંધી જવલ્લેજ તેમ બન્યું હોય છે.

આદિ પર્વમાં ઉત્તંકે મુસાફરીમાંથી પાછા ફરતા એક ક્ષપણકને જોયાનો ઉલ્લેખ છે. ક્ષપણક એટલે જૈનસાધુ.

શાંતિપર્વમાં સપ્તભંગી ન્યાય વિષે કહેવામાં આવ્યું છે કે એ ' સપ્તભંગી ' સ્યાદ્વાદ યાને જૈનધર્મનું એક મુખ્ય અંગ છે. રામાયણમાં પણ શ્રમણ શબ્દ વપરાયેલો છે જેનો અર્થ ટીકાકારે દિગંબર સાધુ કર્યો છે.

હિંદુસ્થાનમાં બુદ્ધધર્મથી કેટલાયે વખત પૂર્વે જૈનધર્મ પ્રચલિત હતો એ પુરવાર કરવાને ઉપરના ટાંચણો બસ છે. એની વિશેષ પૂર્ત્તિ અર્થે કેટલાક ઐતિહાસિક પુરાવા પણ મૂકી શકાય તેમ છે. મથુરામાંથી મળી આવેલા કોતરકામના કેટલાક નમૂના સુચવે છે કે શ્રી મહાવીરની પૂર્વે ત્રેવીશ બીજા તીર્થંકરો થયા હતા કે જેમાંના પ્રથમ શ્રી રૂષભદેવ હતા. આ શિલાલેખો શ્રી મહાવીર પછી છસો વર્ષે કોતરાયલા છે. હવે જો શ્રી મહાવીરજ જૈનધર્મના પ્રથમ સ્થાપક હોત તો મથુરાના જૈનોએ શ્રી રૂષભદેવને બદલે શ્રી મહાવીરના નામનાજ લેખો કોતરાવ્યા હોત.

આથી સમજાય છે, કે હિંદમાં શ્રી મહાવીર થયા પૂર્વે કેટલાયે સમયથી–કે જેની ગણના ન થઇ શકે તેવા કાળથી–જૈન ધર્મ પ્રવર્તતો હતો કે જેની શરૂઆત શ્રી રૂષભથી થઇ હતી. વળી શ્રી પાર્શ્વનાથ પણ ઐતિહાસિક પુરૂષ તરિકે ગણાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચુકેલા છે તે બ્રહ્મદત્તના વખતમાં થયા છે કે જે બ્રહ્મદત્તવિષે બુદ્ધ જાતકોમાં ઘણીવાર ઉલ્લેખ થયો છે. અત્યારના શોધકોએ શ્રી પાર્શ્વનાથ માટે ક્રાઈસ્ટ પૂર્વે ૮૦૦ વર્ષ ઉપરનો કાળ નિયત કર્યો છે. આ બધું જૈન ધર્મનું પ્રાચીનત્વ અને બુદ્ધ ધર્મથી તેનું ભિન્નત્વ દર્શાવી આપે છે.

હિંદુશાસ્ત્રોમાં અને પુરાણોમાં પણ જૈનધર્મ વિષે લખેલું જડી આવે છે. ભાગવત પુરાણના અનુસારે જૈનધર્મના મૂળ સ્થાપક શ્રી રૂષભદેવ છે કે જેઓ કેટલાયે ક્રોડવર્ષો ઉપર મનુના સમયમાં થયા છે. વેદમાં પણ તીર્થંકરો સબંધે કહેવાયું છે.

( १ ) **नैन्द्रं तद्वर्धमानं स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पुरुषा विश्वदेवाः स्वस्ति नास्तार्क्ष्योरिष्टनेमिः स्वस्तिनः** ( यजुर्वेदवैश्वदेवऋचौ. )

( २ ) **दधातु दीर्घायुस्त्वायबलाय वर्चसे सुप्रजास्त्वाय रक्ष रक्षारिष्ट नेमि स्वाहा** ( बृहदारण्यके. )

( ३ ) **ऋषभ एव भगवान्ब्रह्मा तेन भगवता ब्रह्मणा स्वयमेवाचीर्णानि ब्रह्माणि तपसा च प्राप्तः परं पदम् ।** ( ग्ररण्यके. )

( ४ ) **वाजस्य नु प्रसव आबभूवेमा च विश्वा भुवनानि सर्वतः । स नेमिराजा परियाति विद्वान्प्रजां पुष्टिं वर्धमानो अस्यै स्वाहा ॥** (यजुर्वेदसंहिता.)

( ५ ) **कन्थाकौपीनोत्तरासङ्गादीनां त्यागिनो यथाजातरुपधरा निर्ग्रन्था निष्परिग्रहाः ॥** ( संवर्त्त श्रुतिः ) ( તત્ત્વનિર્ણય પ્રાસાદ. પા. ૫૦૬ )

આ સ્પષ્ટ દર્શાવે છે કે ક્રાઈસ્ટ પૂર્વે પાંચહજાર વર્ષ પહેલાં કે જે વૈદિક કાળની છેલ્લી હદ બંધાય છે તે વેળા પણ જૈનધર્મમાં જે જે પુરૂષોની તીર્થંકરો તરીકે પૂજા થાય છે તે ચોવીશ તીર્થંકરોની પૂજા થતી હતી. ટુંકમાં કહેતા વૈદિક કાળની તારિખ પહેલાં કેટલાયે કાળપૂર્વે જૈનધર્મ હતો; અને તે હિંદુધર્મની માફક, સાથે સાથે બુદ્ધધર્મની સ્થાપના અગાઉ પણ પ્રવર્ત્તતો હતો. જૈનધર્મની પ્રાચીનતા સંબંધે આથી વધુ શું જોઈએ ! જૈનધર્મ નાસ્તિક નથી,પણ આસ્તિક છે.

કેટલાક અજ્ઞાનતાથી જૈનધર્મને નાસ્તિકમતની કોટિમાં મૂકી દે છે, પણ જરા વિચાર કરવામાં આવે તો આમ કરવામાં તેઓ કેવી ભયંકર ભૂલ કરે છે તેનો સહજ ભાસ થાય તેમ છે. હિંદુધર્મની માફક જૈનો પણ ઘણી જાતના દેવતાઓને માને છે. તેઓમાં પણ ઈંદ્રાદિ દેવોના નામો છે, અલબત એટલું કહેવું પડશે કે હિંદુધર્મની માફક જૈનધર્મ ઇશ્વરને જગતના કર્ત્તા તરિકે સ્વીકારતો નથી. એની થીયરી ( સિદ્ધાંત ) પ્રમાણે સૃષ્ટિ-મંડાણ અને તેના રક્ષણ સંબંધીનો સર્વ વ્યવહાર કર્મના શીરે છે. જૈન સિદ્ધાન્ત પ્રમાણે તે આત્માઓ પરમેશ્વર કહેવાય છે કે જેઓએ સંપૂર્ણ પ્રકારે કર્મોનો ક્ષય કરી પૂર્ણપણે અક્ષય જ્ઞાનની પ્રાપ્તિ કરી હોય છે. આ સિવાયના ઈંદ્રાદિદેવો કિંવા અન્ય કોઇ આત્માઓને પરમેશ્વર તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળખવામાં આવતા નથી. ઉપરોકત પ્રકારના પૂર્ણ આત્માઓને પરમેશ્વર કિંવા શીવ, શંકર, પુરૂષોત્તમ, બુદ્ધ કે અર્હન્તના નામથી સ્તવવામાં આવે છે. એ કરતાં ઉતરતા પ્રકારના દેવો જેવા કે ઇંદ્ર–ચંદ્રાદિ એ સર્વ જો કે ઉંચા પ્રકારના શક્તિશાળી આત્માઓ છે; છતાં તેઓને પણ પોતાનો પુન્યરૂપ માલ ભોગવવાથી ખલાસ થયે પુનઃ જન્મ ધારણ કરી જપ અને તપ દ્વારા પૂર્ણતા કરવાની બાકી હોય છે. ટુંકમાં કહીયે તો તેઓનો દરજ્જો સુખ શક્તિમાં ને રિદ્ધિસિદ્ધિમાં ચઢીયાતો હોવા છતાં–પૂર્ણતા–સંપૂર્ણ જ્ઞાન દશાથી તેઓ પણ ઘણા વેગળા છે. પરમાત્મ પદ પ્રાપ્ત કરવા સારૂં તેઓને પણ માનવયોનિમાં જન્મ લેવો પડે છે.

આ સ્પષ્ટ બાબતથી સમજાય તેમ છે કે જૈનદર્શનની નાસ્તિક મત તરીકે વ્યાખ્યા કરનારા ધુમાડાના બાચકા ભરે છે! કેવા અંધારામાં ગોથાં ખાય છે. નાસ્તિકની વ્યાખ્યાનું પણ તેમને ભાન હોય તેમ લાગતું નથી. વ્યાકરણકાર 'પાણિની' કહે છે કે—

**अस्ति नास्ति दिष्टं मतिः ।४।४।६० अस्ति परलोक इत्येवं मतिर्यस्य स आस्तिकः । नास्तीति मतिर्यस्य स नास्तिकः ।**

અર્થાત્ જેઓ પરલોક કે પુનર્જન્મ નથી માનતા તેઓજ નાસ્તિક છે જ્યારે એમ માનનારા જરૂર આસ્તિક છે.

બાકી વેદને ન માનવા માત્રથી જો નાસ્તિક થઇ જવાતું હોય તો કેવળ જૈન દર્શન જ નહિં પણ ખ્રિસ્તીધર્મ–ઇસ્લામધર્મ અને પ્રાર્થના સમાજ કે જે હિંદુધર્મની શાખા છે ત સર્વ એ કક્ષામાં આવી જશે.

જગતકર્ત્તા ઇશ્વર માનવો એજ માત્ર કંઇ આસ્તિકદશાનું લક્ષણ નથી અને હોઇપણ ન શકે. બુદ્ધિથી જે વાત ગળે ન ઉતરી શકતી હોય અથવા તો જ્યાં યુક્તિઓ દ્વારા વાતનું ચોકઠું બેસી શકતું નહોય ત્યાં કેવળ આસ્તિક થવાના નામે હાજી હા કરવી એ કોના ઘરનો ન્યાય! ભગવત ગીતા કે જેના કથક શ્રીકૃષ્ણને માનવામાં આવે છે તે પણ શું વદે છે.—

**न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।**

વિચારો આ શ્લોકથી શું શ્રીકૃષ્ણ પણ નાસ્તિકતાની ખીણમાં નથી ગબડી પડતા? પણ ખરી રીતે નાસ્તિકતાની વ્યાખ્યા ઉપર બાંધી તેજ છે; તેથી જૈનધર્મને નાસ્તિક કહેનારાના પ્રલાપ પોતાની જનનીને વંધ્યા કહેવા સમાન નિરર્થકજ છે.

પ્રારંભમાં આટલું કહ્યા પછી આપણે આપણા મૂળ વિષય તરફ વળીએ. એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આપણું કાર્ય અન્ય દર્શનોની તુલના કરવાનું કે જૈનદર્શનની શ્રેષ્ટતા સ્થાપવાનું નથી, પણ શ્રદ્ધાપૂર્વક જૈનદર્શન યાને જૈનધર્મ શું ચીજ છે તે સમજાય તેવી રીતે અવલોકન કરતાં જવાનું છે. દરેક વસ્તુનું સ્વરૂપ યથાર્થ જાણ્યા પછીજ એના ગુણદોષ જણાય છે. એમાં રહેલી ચમત્કૃતિ યા વિશિષ્ટતાનો ખ્યાલ પણ ત્યારેજ આવે છે.

( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથવાચન અને વિદ્યા વ્યાસંગ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

यथा यथा हि पुरुषः शास्त्रं समधिगच्छति ।
तथा तथा विजानाति विज्ञानं चास्य रोचते ।। मनु

સદાચારી અને સુશીલ બનવામાં, સર્વ પ્રકારના દોષો અને પાપોથી બચવામાં, યથેષ્ટ યશ અને કીર્તિ પ્રાપ્ત કરવામાં, પ્રત્યેક સ્થિતિમાં સંતુષ્ટ અને પ્રસન્ન રહેવામાં તથા એવા પ્રકારની બધી સારી બાબતોમાં આપણુને જેટલી સહાયતા પુસ્તકોના વાચન મનન અને વિદ્યા–વ્યાસંગથી મળી શકે છે તેટલી કોઇ અન્ય કાર્યથી ભાગ્યે જ મળી શકે છે. પુસ્તકોના વાચન અને વિદ્યા વ્યાસંગનું મહત્વ અને તેનાથી થતા લાભો એટલા બધા સર્વ માન્ય છે કે તેનો એક ટુંકા લેખમાં ઉલ્લેખ કરવો નિરર્થક છે અને કેટલેક અંશે દુસ્સાધ્ય પણુ છે. રાજર્ષિ ભર્તૃહરીજીએ કહ્યું છે કે—

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्न गुप्तं धनं,
विद्या भोगकरी यशः सुखकरी विद्या गुरूणां गुरुः ।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परा देवता;
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ।।

એટલા માટે આ પ્રસંગે વિદ્યા–વ્યાસંગ અને પુસ્તકોનાં વાચન સંબંધી કંઇ પણુ ન કહેવામાં આવે તો આ લેખમાળા સંપૂર્ણુ જ રહી જાય, કેમકે વિદ્યા જ માનવ–જીવનનું પ્રધાન અંગ છે અને તે વગર મનુષ્ય પુરેપુરો મનુષ્ય નથી બની શકતો.

જો આપણે કોઇ મનુષ્ય પાસેથી તેની વિદ્યા અને તેનું જ્ઞાન કોઇ રીતે છીનવી લઇએ અને તેને મૂર્ખ તથા અજ્ઞાન બનાવી શકીએ તો તે પશુઓની કોટીમાં જ મુકાશે; તેને મનુષ્યની કોટિમાં સ્થાન નહિ મળે. જો વિદ્યા નહિ હોય તો મનુષ્ય પોતાની ઇન્દ્રિયો તથા વાસનાઓનો ગુલામ બની જશે અને તેને કોઇ માર્ગદર્શક અથવા રક્ષક નહિ રહે. એક વિદ્વાન પુરૂષનું મંતવ્ય છે કે વિદ્યા વગરનો મનુષ્ય બાલકોની માફક અજ્ઞાન અને રાક્ષસોની માફક પાપી હોય છે. વિદ્યા મનુષ્યને બુદ્ધિમાન બનાવે છે, સન્માર્ગ બતાવે છે તથા સંસારની સર્વ બાબતો સમજવાની યોગ્યતા આપે છે. શ્રેષ્ઠ જીવનનો આરંભ વિદ્યાથીજ થાય છે. નિર્બલોને વિદ્યા શક્તિની ગરજ સારે છે અને દરિદ્રોને વિદ્યા ધનસ્વરૂપ બને છે. વિદ્યાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યનું જ્ઞાન વધે છે અને તે જ્ઞાન તેને સર્વ સ્થિતિમાં પરમ ઉપયોગી તેમજ કલ્યાણકારક બને છે. વિદ્યા વગર માનવ–જીવન સાર્થક પણ નથી થતું, કેમકે જીવનનું સાચું સુખ, સાચો આનંદ વિદ્યાથી જ પ્રાપ્ત થાય છે. મનુષ્યને જીવનના કર્તવ્યો તથા ઉદ્દેશ્યો પણ વિદ્યા જ બતાવે છે અને પ્રકૃતિની જટિલ સમસ્યાઓ તેજ સમજાવે છે.

પરંતુ બીજી શક્તિઓની માફક વિદ્યાનો પણ આજકાલ ઘણો જ દુરૂપયોગ થતો જોવામાં આવે છે અને તેમાં અનેક દોષો પણ આવી ગયા છે. જે વિદ્યા મનુષ્યને નીતિમાન ન બનાવી શકે તેને વાસ્તવિક વિદ્યા જ ન કહી શકાય. વિદ્યા અથવા શિક્ષણ એવું હોવું જોઇએ કે જેનાથી આપણાં હૃદયમાં સદ્‌ભાવ ઉત્પન્ન થઇ શકે અને જે આપણને નીતિમાર્ગે ચલાવી શકે. ઉક્ત ઉદ્દેશ્યોની સિદ્ધિ ન થઇ શકે તો એમ ન સમજવું કે વિદ્યા અથવા શિક્ષણ દૂષિત છે, પણ એમ સમજવું કે તેની પ્રણાલી જ દૂષિત છે. જો હૃદયમાં સદ્‌ભાવ રાખીને શિક્ષણ આપવામાં કે ગ્રહણ કરવામાં આવે તો તેનું પરિણામ બહુ જ સુંદર આવે. સુવિખ્યાત આંગ્લ વિદ્વાન બેકને એક સ્થળે લખ્યું છે કે “ મનુષ્યોમાં વિદ્યાભ્યાસ કરવાની અને જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ સ્વાભાવિક કુતૂહળથી, અથવા સર્વ વસ્તુનો મર્મ જાણવાની ઇચ્છાથી, અથવા મનોવિનોદ, કીર્તિ વિગેરેની ઇચ્છાથી જાગૃત થાય છે. પરંતુ માનવ–જાતિનું કલ્યાણ કરવાના અને પોતાના વિવેકનો સદુપયોગ કરવાના ઉદ્દેશથી ઘણા જ થોડા લોકો વિદ્યા અથવા જ્ઞાન પ્રાપ્ત કરે છે. ઇશ્વરનો મહિમા અને સંસારના કલ્યાણકારક સાધનોનો ભંડાર વિદ્યા ભલે ન હોય, પરંતુ તે આશાન્ત અને અન્વેષક આત્માનો વિસામો છે, ચંચળ મનને ચઢવા ઉતરવાની સીઢી છે, અભિમાની મનનું આરામ સ્થાન છે, અને લાભ અને વિક્રય કરવાની દુકાન છે. ” ઉપરોક્ત કથનથી એટલું તો અવશ્ય સિદ્ધ થાય છે કે સાધારણ રીતે આજકાલ લોકો જ્ઞાન અને વિદ્યાનો જે ઉપયોગ કરી રહ્યા છે તે લેશપણ યથાર્થ અને ઉચિત નથી, એનો યથાર્થ ઉપયોગ ઇશ્વરીય મહિમાનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને સમગ્ર સંસારનું કલ્યાણ કરવા માટે છે.

જ્ઞાન અને વિદ્યાનું ખરૂં મહત્વ તથા ઉપયોગ સમજી લીધા પછી તે પ્રાપ્ત કરવાનાં સાધનો તથા માર્ગો કયા કયા છે તે જાણવાની આવશ્યકતા છે. પ્રત્યેક વિષય અથવા ઘટનાનું સારી રીતે નિરીક્ષણ કરવાથી આપણું જ્ઞાન વધે છે. સંસારની કોઇ પણ ઘટના એવી નકામી નથી કે જેમાંથી આપણને કાંઇપણ જાણવાનું ન મળી શકે. એ રીતે કોઇ મનુષ્ય પણ એવો નથી કે જેના જીવનક્રમમાંથી આપણને કાંઇ શીખવાનું ન મળી શકે. જરૂર માત્ર એટલીજ છે કે આપણે દરેક વસ્તુમાંથી સારૂં શોધી કાઢવું જોઇએ. પરંતુ સાધારણ રીતે સર્વ મનુષ્ય એમ કરી શકતા નથી. એટલા માટે પ્રાચીન જ્ઞાનીયોએ તથા મહાત્માઓએ એક એવું સાધન પ્રસ્તુત કર્યું છે કે જે વડે સઘળા લોકો સહજ જ્ઞાન પ્રાપ્ત કરી શકે. એ સાધન પુસ્તક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજુ, વિદ્વાન તથા અનુભવી લોકો જે જે વાતો સારી રીતે સમજે છે તેનો સંગ્રહ કરીને ગ્રંથ તૈયાર કરે છે અને એની અંદર પોતાની બધી વિદ્યા તથા બુદ્ધિ ભરે છે. પ્રત્યેક દેશ અને જાતિનું સાહિત્ય એવા એવા ઉત્તમ ગ્રંથરત્નોથી ભરેલું છે કે જેની અંદર હજારો વર્ષો પહેલાંના વિદ્વાનો તથા મહાત્માઓના સારા સારા અનુભવો અને ઉપદેશો ભરેલા છે અને જેમાંથી એકાદનું સારી રીતે અધ્યયન કરીને અને તદનુસાર આચરણ કરીને કોઇ પણ માણસ પોતાનું જીવન સાર્થક કરી શકે છે.

એ પુસ્તકો આપણને મિત્રોની તેમજ ગુરૂની ગરજ સારે છે. એક સારૂં પુસ્તક આપણને એક સારા મિત્ર કરતાં પણ વધારે સારૂં કામ આપે છે. વળી પુસ્તકોની એક વિશિષ્ટતા એ છે કે તેઓ આપણી સાથે કદિ પણ નારાજ થતા નથી અને કદિ પણ કોઈની પાસે આપણી નિંદા કરતા નથી. મિત્રના સ્વભાવમાં તો અનેક પ્રકારના પરિવર્ત્તન થવાનો સંભવ છે, પરંતુ પુસ્તકો તો જ્યાં ને ત્યાંજ રહે છે. આપણા ઉપર કદિ કોઇ વિપત્તિ આવી પડે તો આપણા ઘણા ખરા મિત્રો આપણને તજી દેશે, પરંતુ પુસ્તક-મિત્રો તો આપણને કદિ છોડશે જ નહિ. હમેશાં સર્વ સ્થિતિમાં તે મિત્રો આપણને સમાન રૂપે જ ઉપદેશ આપે છે. આપણને કર્ત્તવ્યદિશા બતાવે છે અને આપણા ચિત્તને વિનોદ આપે છે. ઘણી વખત મિત્રો આપણને વિપત્તિમાં નાંખીને કડવો અનુભવ કરાવે છે અને પુસ્તક-મિત્રો તો આપણને વિપત્તિથી બચાવીને અનુભવી બનાવે છે. મિત્રો તો આપણને કુમાર્ગે પણ લઇ જઇ શકે છે અને આપણા આચાર વિચારને બગાડી પણ શકે છે, પરંતુ પુસ્તકો તો આપણને હમેશા સન્માર્ગે જ લઇ જાય છે અને આપણા આચાર વિચારોને સુધારે છે. સારા પુસ્તકોમાં આપણને હમેશાં સારા વિચારો જ જડે છે જે હમેશાં આપણા આત્માને શુદ્ધ બનાવે છે અને આપણને અનેક પાપકર્મોથી બચાવી લે છે. આપણને સારાં સારાં કાર્યો કરવાં પણ પ્રેરે છે. કમનસીબે આપણાં કોઇ સારા મિત્રનું મૃત્યુ થાય તો તેના વિયોગને લઇને આપણને ઘણું જ દુઃખ થાય છે અને આપણે તેના સદુપદેશ તથા સદ્‌વિચારોથી હમેશાં વંચિત રહીએ છીએ, પરંતુ પુસ્તક-મિત્રોની બાબતમાં એવું બનવા પામતું નથી. સાધારણ રીતે એવી લોક-માન્યતા છે કે જે માણસ ઘણો જ ભલો અને સદાચારી હોય છે તેનું આયુષ્ય ટુંકું હોય છે, પરંતુ પુસ્તકોની વાત એનાથી ઉલટી છે. જે ગ્રંથ જેટલો સારો હોય છે તેનું આયુષ્ય પણ તેટલું વધારે હોય છે, તે એટલે સુધી કે સારામાં સારા ગ્રંથો ઘણે ભાગે અમર બને છે અને એમાંના વિચારો તથા ઉપદેશોનો કદિ પણ નાશ થતો નથી. સાહિત્યના સંબંધમાં એવો નિયમ છે કે જેમ જેમ સમય જાય છે તેમ તેમ રદ્દી તેમજ નકામાં પુસ્તકો નષ્ટ થાય છે અને સારાં સારાં પુસ્તકો ચાલુ રહે છે. તે સારા પુસ્તકોના વિચારો હમેશાં એવા ને એવા જ રહે છે, સમય તેને જરા પણ બગાડી નથી શકતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તકો હમેશાં આપણા પાસે ઉત્તમ વિચારો અને ઉત્તમ આદર્શો ઉપસ્થિત કરે છે, સારાં પુસ્તકોના અધ્યયનથી અસંખ્ય લોકોનું ભલું થયું છે. મહાવીર સ્વામીનું ચરિત્ર વાંચીને કેટલાય લોકોએ મહાવીર જેવા થવાનો પ્રયત્ન કર્યો હશે; રામાયણના અધ્યયનથી કેટલાય લોકોએ રામચંદ્રની જેવા સદાચારી અને ધર્મ-પરાયણ થવાનો પ્રયત્ન કર્યો હશે અને રાવણની માફક કુમાર્ગી થતાં કેટલાય લોકો બચી ગયા હશે. ગીતાના અધ્યયનથી અનેક લોકો સન્માર્ગે વળ્યા હશે. આજ સુધીમાં કરોડો મનુષ્યોએ મહાભારત વાંચ્યું હશે અને એમાંથી અનેક લોકોએ એટલું તો અવશ્ય સમજી લીધું હશે કે દુષ્ટ માણસ ગમે તેટલો બળવાન હોય તો પણ છેવટે વિજય તો સદાચારી અને સત્યનિષ્ઠ મનુષ્યને જ વરે છે. એ રીતે અનેક ઉત્તમ કોટિના ગ્રંથોની બાબતમાં સમજી લેવું.

ઉત્તમ ગ્રંથો આપણને ઉત્તમ વાતો જ બતાવે છે અને આપણને ઉત્તમ મનુષ્યોના દર્શન પણ કરાવે છે. સંસારમાં ગ્રંથ જ એક એવું સાધન છે કે જે આપણને આજ સુધીના સઘળા મહાપુરૂષોની સમીપ પહોંચાડી શકે છે, તે આપણને પ્રાચીન મહર્ષિઓના સદ્વચન સંભળાવે છે અને તેઓના સત્કાર્યોનું જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. કલ્પસૂત્ર આપણને ભગવાન મહાવીરના સદુપદેશામૃતનું પાન કરાવે છે, ત્રિપિટક આપણને મહાત્મા બુદ્ધદેવના સદુપદેશ સંભળાવે છે, બાઇબલ આપણને મહાત્મા ક્રાઇસ્ટના ઉપદેશવચનો સંભળાવે છે અને કુરાનમાં આપણને મહમ્મદ પયગંબરના સદ્વચનો મળે છે. ગ્રંથો આપણને તેના રચનાર મહાત્માઓની સમક્ષ ઉપસ્થિત કરે છે અને તેઓનાં વાક્યો આપણને સંભળાવે છે. ગ્રંથો દ્વારા આપણે મહાપુરૂષોના વિચારો તથા અનુભવો આપણા પોતાનાં કરી શકીએ છીએ. ઘણા જ પ્રાચીન કાળથી માંડીને તે આજ સુધીની સઘળી વિદ્યા, બુદ્ધિ અને અનુભવો માત્ર ગ્રંથોમાં જ એકત્રિત થયેલા જોવામાં આવે છે. એક વિદ્વાન મહાશય લખે છે કે “ જે કામ સ્મરણશક્તિ વ્યક્તિને આપે છે તે કામ માનવજાતિને પુસ્તકો આપે છે. તેની અંદર આપણી જાતિનો તથા આપણા દેશનો પ્રાચીન ઇતિહાસ ભર્યો હોય છે, આપણા આવિષ્કારોનો ઉલ્લેખ હોય છે અને યુગોના અનુભવ તથા જ્ઞાનનો સંગ્રહ હોય છે. તેઓ આપણી સમક્ષ પ્રકૃતિનાં સૌંદર્યનું ચિત્ર રજુ કરે છે, દુઃખને વખતે આપણને સાન્ત્વન આપે છે, આપણા માનસિક ખેદને દૂર કરીને આપણા ચિત્તને પ્રસન્ન બનાવે છે, અને આપણું હૃદય એવા એવા સુંદર વિચારોથી ભરી દે છે કે જે આપણને આપણી વર્ત્તમાન દશાથી ઉપાડી જઈ ઉન્નતિને શિખરે પહોંચાડે છે. ”

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રી-વિભાગ.

## મહિલા સુધાર.

પરમ કલ્યાણકારી પરમાત્માને વંદના નમસ્કાર કરી આપણા સર્વેના આત્મામાં તે પ્રભુ જેવા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક સુખ અને આત્મશકિત. ગુણો ભરેલા છે. તે પ્રગટ થાઓ એવી ભાવના કરૂં છું.

પૂજ્ય બ્હેનો ? આજ આપણે આત્મકથા–પોતાના જીવન સંબંધી વિચાર કરવા એકત્ર થયાં છીએ, હું પણ આપમાંની એક છું, મને બહોળું જ્ઞાન નથી, તેમ જાહેર ભાષણ આપવાનો અભ્યાસ નથી. તો હું જે કહું તેને સુધારી હંસની માફક સાર ગ્રહણ કરશો. એવી પ્રાર્થના છે.

આજ મહિલા–સુધાર સંબંધી વિચારો કરવા પૂર્વે આપણે આપણાં થોડાં નામો યાદ કરી લઈએ. ને પૂર્વજોએ ભરેલ ગંભીર અર્થ થોડો વિચારીએ.

મહાન્=મોટું. જે મહાન્ હોય, જેના અનેક ઉત્તમ ગુણો હોય. તેને મહિલા કહે છે. આપણને અબળા પણ કહે છે. અબળા અને **न अबला इति अबला** બળ જેનામાં ન હોય તે અબળા. એ નથી. આજે અજ્ઞાનતાથી તે અર્થ કરી આપણે કાયર બની ગયેલ છીએ. દરેક સ્ત્રી દુઃખ આવતાં કહે છે કે અબળાનું શું જોર. આ આપણી અબળાનો અર્થ ન સમજવાથી થયેલ ભૂલ છે. અબળા એટલે જેનાથી બળવાન બીજું કોઈ નથી. **नास्ति बलवान यस्याः सा** એ આપણે અનંત બળી છીએ. જુઓ, શ્રી રામચંદ્ર, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર, મહાત્મા બુદ્ધ આદિ જગતના બધા મહાપુરૂષોને જન્મ દેનાર, ગર્ભને બાળ અવસ્થામાં શિક્ષા આપી રક્ષણ કરનાર કોણ છે ? આપણેજ છીએ. આથીજ શાસ્ત્રોમાં આપણી જાતીને રત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુક્ષિ ધારીણી-( જેની કુક્ષિમાં રત્નો ઉપજે છે. ) એ ઉપમા આપી છે. જુઓ, જગતમાં દરેક મંગળ કામ સ્ત્રીઓના હાથેજ થાય છે, શુકુન સ્ત્રીઓનાજ મનાય છે, ઇત્યાદિથી એ વાત સ્પષ્ટ સમજાશે, કે આપણે અ=નથી. જેનાથી કોઇ બીજું બળા=વધારે બળવાન એવી છીયે.

પ્રેમદા-એ પણ આપણું નામ છે. આજ ભોગી જીવો આ નામ દુષ્ટ, નીચ અર્થમાંજ લગાડે છે. ખરૂં જોતાં પ્રેમ શબ્દ છે, રાગ શબ્દ નથી, પ્રેમ શુદ્ધ છે, રાગ પાપી છે. જે પાપી મોહ રાખે, વિષયી રાગ ધરે. તે પ્રેમદા નથી, પણ જે. પ્રેમ, દયા, અનુકંપા, કરૂણા રાખે. તેજ પ્રેમદા છે.

આપણને કામીની કહે છે. હું બ્રહ્મચારીણી છું, એટલે હું આ શબ્દની બહાર કે અંદર ગણાઉં ? બ્હેનો, જે-કામિનીનો અર્થ પૂરો નથી સમજતાં-તે તો કહેશે કે-બહેન, તમે તેમાં નથી, પણ વ્હાલી બ્હેનો, કામ=એ એકજ અર્થ નથી. કામ=ઇચ્છા છે. જુઓ, શાસ્ત્રોમાં જ્ઞાનીને સકામ-મરણ કહ્યું છે. જેને મરતાં આવડે છે, જે મરતાં આત્માનંદમાં લીન રહે છે, તે સકામ-મરણ એટલે પંડિત મરણ કહેવાય છે. આપણે કામિની એટલે હમેશાં ઉત્તમ ઇચ્છા, પવિત્ર ભાવના રાખનાર છીયે. વિષયેચ્છા તો નીચ છે, તે રાખવાથી આપણે કલંકિત થઇએ, માટે હવેથી આ શબ્દનો અર્થ કામિની=ઉત્તમ અભિલાષા કરનારીજ કરશો. આપણા નામો બધા ગુણો પરથી પડેલ છે. આપણે અભણ રહીને ભણીને ચોપડીઓ વાંચી શુષ્ક જ્ઞાન લીધું, પણ સત્ય જ્ઞાન ન મેળવ્યું જેથી આ દશા છે. હવે તે સુધારવા આપણે એક મહિલા સુધાર મંડળ સ્થાપી દર અઠવાડીયે જાહેર વ્યાખ્યાન આપી આપણા જીવનને ઉચ્ચ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ, એવી મારી ખાસ વિનંતી છે.

સ્ત્રી જાતિમાં કોમળતા, પ્રેમ, લજ્જા આદિ સ્વાભાવિક ગુણો હોય છે. અને ઇર્ષ્યા, દ્વેષ, કલહ, ભય, દેખાદેખી, અજ્ઞાનતા એ દોષો આજે મોટા પ્રમાણમાં વધી ગયા છે. આપણા સ્વાભાવિક ગુણો તેવી ઉત્તમ શિક્ષા વિના બુઠા થયા છે, નષ્ટ થયા છે, તે દુર્ગુણો ભયંકર રૂપે પ્રગટી ગયા છે. આજે આપણા માટે કવિયો અને વિદ્વાનો જે અપમાન ભરી ટીકા કરે છે તે જોઇ ગુસ્સે ન થવું જોઇએ પણ આપણી ભૂલો સુધારી એજ કવિઓ આપણી બુરી ટીકા ન કરતાં ગુણો ગાય એવું થવું જોઇએ.

જુઓ, મહા સતી, રાજેમતી, ચંદનબાળા, બ્રાહ્મીજી, સુંદરીજી, સીતાજી, દમયંતી આદિ આપણી બ્હેનોએ પોતાના સદ્‌ગુણોથી, ( કયાં તો સ્ત્રી નરકની ખાણની કડવી ગાળ છે તેને બદલે ) પોતાનાં સારા કામોથી પ્રભાતમાં સતીઓના નામો અનેક મહા પુરૂષો રોજ ગણી પોતાને પવિત્ર થયા માને છે. માટે આપણે આપણા દુર્ગુણો છોડી સદ્‌ગુણો પ્રગટ કરવા જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં સ્ત્રી ને પુરૂષ એ જાતિ છે. તેમાં આપણે સ્ત્રી થયાં તેથી આપણો જન્મ આજે બહુ હલકો છે, એવો વિચાર કરી મળેલ મનુષ્ય ભવ રૂપી રત્ન ગુમાવ નહિં. જરૂર સ્ત્રીઓને સ્ત્રીધર્મ, ગર્ભ ધારણ આદિ શરીર ધર્મો વધારે છે, અને તે થવાનું કારણ પૂર્વે આપણે ચાર કામમાંનું કોઇપણ બુરૂં કામ કર્યું છે, તેનું ફળછે. શાસ્ત્રકારો કહે છે કે ચાર કારણે સ્ત્રી થાય છે.

૧ લું કારણ—ઇર્ષ્યા કરે.

૨ જું કારણ—જુઠું બોલે અથવા કપટ કરે.

૩ જું કારણ—વિષયની વાંછા કરે.

૪ થું કારણ—સારૂં કામ કરતાં બીક રાખે અથવા પુરૂષાર્થ ઉદ્યોગ ન કરે.

આજે પણ આ ચાર દોષો આપણી જાતિમાં વધારે પ્રમાણમાં દેખાય છે. તે આપણે તપાસીએ.

૧ લું. આપણે ઘરમાં પુરૂષો કરતાં વધારે અદેખાઇ કરીએ છીએ. દેરાણી, જેઠાણી, સાસુ, વહુ જેટલા કંકાસ કરે છે, તેટલા કલેશ બાપ, દીકરા કે ભાઇ ભાઇમાં નથી થતા, એથી આપણામાં આ દોષ હજુ કાયમ છે, તે દૂર કરવા આજે પ્રતિજ્ઞા લેવી જોઇએ.

૨ જું. કપટ ને જુઠું. તે આજે તુચ્છ–નજીવા કામ ખાતર જુઠું બોલીએ છીએ, ને થોડા લાભ ખાતર કપટ કરીએ છીએ. તે દોષ દૂર કરવા પણ દઢ નિશ્ચય કરવો જોઇએ.

૩ જું. વિષયેચ્છા–વિષયમાં કાન, આંખ, નાક, જીભ ને ચામડી. એ પાંચે ઇંદ્રિયના ભોગ છે. કાનથી પ્રશંસા સાંભળી ફુલાવું, કડવો શબ્દ, નિંદા સાંભળી નારાજ થવું, તે કાનનો વિષય છે. વિષય જન્ય ગીત સાંભળવાં તે પણ આમાં આવે છે. આંખથી રૂપ જોવામાં, નાકથી સુંઘવામાં, જીભથી સ્વાદ લેવામાં ને ચામડીથી સ્પર્શ જન્ય સુખમાં તથા શરીરને શણગારવું આદિ અનેક વિષયમાં સ્ત્રી જાતિની લાલસા વધારેજ છે. જુઓ, ઘરેણાં પુરૂષો કયાં પહેરે છે, તો આપણે શા માટે પહેરવાં? આપણે પગથી માથા સુધી–જ્યાં ઘરેણાં પહેરાય ત્યાં સુધી પહેરીએ છીએ. નાક, કાન છેદીને પણ આપણી ઘરેણાં પહેરવાની લાલસા પુરી કરીએ છીએ. ખરી વાત જુદીજ છે. જ્યારે પૂર્વના સ્ત્રી રત્નો યોગ્ય ઉમરનાં થતાં અને તેમનામાં અખંડ બ્રહ્મચારી થવાનું આત્મબળ નહોતું, ત્યારે યોગ્ય પતિ સાથે તેમની ઇચ્છા પ્રમાણે માતા પિતા સંબંધ કરવા પ્રયત્ન કરતાં, તે વખતે પતિ પૂછતો કે–હાથ કેવા છે? ત્યારે જો હાથથી દાન દીધું હોય, સેવા કરી હોય, કોઇને દુ:ખ દીધું ન હોય, કોઇની ચીજ ન ઉઠાવી હોય તેવા હાથ હોય તો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિ તે સ્ત્રીને સ્વીકારતો. હાથથી શું દીધું કે શું લીધું (ચોરી કરી કે નહિં). તે કોઈ પુછતું નથી. સોનાની અને હીરા મોતીની અંગડીથી હાથ શણગારી અજ્ઞાન સ્ત્રીઓ પોતાના હાથને ભાગ્યશાળી માને છે, અને આજના અજ્ઞાન પુરૂષો પણ તેમાં મોહ્યા છે. કાનથી કેટલાં ઉત્તમ શાસ્ત્રો સાંભળ્યાં ? કેટલી ગુરૂ પાસેથી ધર્મની શિક્ષા સાંભળી ? કદી કોઇની નિંદા તો સાંભળી નથી ? વિષય, રાગની વાતો કેટલી સાંભળી ? એ કોઇ આજે પુછતું નથી, હીરા, મોતી અને સોનાના એરિંગથી કાનની શોભા ગણાય છે.

માથામાં જે જ્ઞાનતંતુ છે તેમાં કેવું જ્ઞાન ભર્યું છે ! એથી કેવા સુવિચાર કર્યા છે ? તે મગજ બુરા વિચારો–દ્વેષ, કલહ, ક્રોધ, ગર્વ, કપટ, લોભ, મોહને વિષયેચ્છાના વિચારોથી ગંદુ તો નથી ? તે કોણ પુછે છે ? આજ તો સુગંધી તેલ નાંખ્યું ને સારો અંબોડો કરી ફૂલ બાંધ્યા કે બસ થાય છે.

કમર ક્યાં નમાવી ? વડિલોની સેવામાં ને દુઃખીઓની સેવામાં કેટલી કમર નમી છે ? પહેલાં તો તે પુછાતું, પણ આજ તો સોનાના કંદોરાથી તે સારી ગણાય છે.

ગળું—હારોથી કે માળાથી ભરેલ આગળ સારૂં નહોતું ગણાતું, પણ કેવા ગુણોની માળા પહેરી છે તે પરીક્ષા થતી.

પગ—આગળ ઝાંઝરથી સારા નહોતા ગણાતા, પણ ગરીબોની સેવા, વડીલોની સેવા, ધર્મ કાર્ય ને પરોપકારમાં પગ કેટલા ચાલ્યા છે તે પુછાતું હતું.

હવે તો બધું ઉલટું થયું છે–વિકાર થયો છે. સ્ત્રીજાતિએ ખોટી ઉપરની શરીરની શોભામાંજ પોતાનું ગૌરવ ગણ્યું છે. અજ્ઞાન એટલું વધ્યું છે કે દોષોને ગુણો માનીએ છીએ. જેમકે:—

સોજો આવવાથી શરીર જાડું થયું માને, સંનિપાત થતાં શકિત વધી ગણે ને કોઢ નીકળે તેને રૂપ વધ્યું માને–તેવી દુર્દશા થઇ રહી છે. તેને આપણે સમજી પણ શકતા નથી અને એથી કરી આપણો સુધાર કરવાને આપણને મન થતું નથી. હવે જો સુખી થવું હોય તો હાથ, કાન, નાક, ગળું, કેડ ને પગની ખોટી શોભા છોડી દઇ સાચી શોભા કરવી જોઇએ. આ વિષય અતિ ઉપયોગી છે.

ઘરેણાં, કપડાંની શોભાથી વિષયેચ્છા વધે છે—તો શરીરશોભાનો મોહ વધ્યો છે, તે દૂર કરી સાદું જીવન બનાવીશું ત્યારે બ્રહ્મચર્ય અને શિયલ સાચવી શકીશું.

૪ થું સ્ત્રી થવાનું કારણ. સારૂં કામ કરતાં લોકોનો ભય રાખવો–બ્હીવું અને પુરૂષાર્થ–ઉદ્યોગ ન કરવો એ છે. આજે આપણે લોકોની ખોટી બીકથી ધર્મક્રિયા પણ મુકી દઇએ છીએ ને સારા કામમાં ઉદ્યમ પણ કરતા નથી. કેટલીક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાનિકારક રીતિઓ ખરાબ જાણવા છતાં છોડવાને કાયર છીએ એ ભૂલ છે, ને તે સુધારવી જોઇએ.

આપણે ઉપર કહેલ ચાર દુર્ગુણો છોડી ચાર સદ્દગુણો ગ્રહણ કરીએ તો સ્ત્રીપણું છુટી જશે, અને શિઘ્ર મુક્તિ થશે.

જીવ માત્રની ઉન્નતિના બે માર્ગ શાસ્ત્રોમાં બતાવ્યા છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે—**ज्ञान क्रियाभ्यां मोक्षः** જ્ઞાન અને ક્રિયા એટલે ચારિત્રથી મોક્ષ થાય છે. મોક્ષ એટલે દુઃખોથી છુટવું. જેટલે અંશે જ્ઞાન અને ક્રિયા ઉત્તમ થશે તેટલે અંશે આપણાં દુઃખો ઘટશે. એજ બે ગુણો દૂષિત થવાથી દુઃખો વધે છે. આજ આપણું જ્ઞાન મલીન થયું છે, જેથી સારૂં ખાવામાં સુખ, સારૂં પહેરવામાં સુખ જાણ્યું, એ અજ્ઞાનતા છે. તેવાં કામ કરવા પ્રવૃત્તિ થઇ તે માઠી ક્રિયા. એ પ્રમાણે જ્ઞાનક્રિયા બગડતાં દુઃખો થયાં હોય તે સુધારવાની જરૂર છે.

## જ્ઞાનના પ્રકાર.

જ્ઞાનના અનેક પ્રકાર છે. તેમાં મુખ્ય બે નીચે મુજબ છે.

૧ લો. વ્યવહારિક જ્ઞાન. ૨ જો. ધાર્મિક જ્ઞાન.

૧. વ્યવહારિક જ્ઞાનમાં અનેક જાતનું જ્ઞાન જરૂરી છે. જેવું કે—(૧) શરીર સંબંધી જ્ઞાન, (૨) સમાજ સંબંધી જ્ઞાન, (૩) કુટુંબ વ્યવસ્થાનું જ્ઞાન, (૪) ગૃહવ્યવસ્થાનું જ્ઞાન, (૫) ગર્ભરક્ષાનું જ્ઞાન, (૬) સંતાન પાલનનું જ્ઞાન, (૭) વડીલોની સેવા કરવાનું જ્ઞાન, (૮) વિનય, સત્ય, બ્રહ્મચર્ય, કરકસર, સહનશીલતા આદિનું જ્ઞાન. આ બધાનું વિવેચન કરતાં વિસ્તાર બહુ વધી જશે જો કે એ જરૂરી છે. છતાં બીજા વખત માટે તે બોલવાનું રાખીશ.

સ્ત્રી જાતિમાં સુશિક્ષા ને સદાચારની વૃદ્ધિ કરવાથી આપણી ઉન્નતિની સ્ત્રી ) શિક્ષા ) સાથે જ્ઞાતિ-સમાજ અને દેશની ઉન્નતિ થશે, પુરૂષ જાતિની પણ ઉન્નતિ થશે. બધા દુઃખો, દુર્ગુણો અને હાનિકારક રીવાજો દૂર થશે, સર્વત્ર સુખ, શાંતિ અને પવિત્રતા ફેલાશે.

શાસ્ત્રકારો સ્ત્રી જાતિને મોક્ષ સુધીની હકદાર ફરમાવે છે. સાતમી નારકીમાં સ્ત્રી ન જઇ શકે, કારણ એટલાં પાપ એ ન કરી શકે. પણ મોક્ષમાં જઇ શકે છે. એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે સ્ત્રી જાતિને ઉત્તમ થવાને પૂરો હક્ક છે. તો આપણે હવે જાગ્રત થઇ આપણી ઉન્નતિનાં કાર્યો કરવાં જોઇએ.

વ્યવહારિક શિક્ષણના અભાવમાં આ એક જન્મ દુઃખમય જાય છે, અને ધાર્મિક જ્ઞાનના અભાવે આ જન્મ અને ભવિષ્યના અનંત જન્મો દુઃખમય થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈંગ્રેજી ભણવું. મેટ્રીક–બી. એ. એમ. એ. કે ડોકટરી પરીક્ષા પાસ થવાથી વ્યવહારિક જ્ઞાન સારૂં મેળવ્યું ગણાતું નથી. જેનાથી વિચારો સુધરે, જીવન પવિત્ર થાય, બીજાનું ભલું કરી શકાય, સાદું અને શ્રમવાળું જીવન નિર્વાહ કરતાં આવડે તે વ્યવહારિક જ્ઞાન છે.

ધાર્મિક જ્ઞાન પરમ આવશ્યક છે. જે આત્માને પરમાત્મ સ્વરૂપ બનાવે તે ધર્મવસ્તુ છે. આજે તો આપણે રૂઢીથી ચાલી આવતી સાંપ્રદાયિક ક્રિયાઓમાં ધર્મ માનીએ છીએ. આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત શક્તિ એ ચાર ગુણ પૂર્ણ છે. શરીર તેમાં રહેલ ઇંદ્રિયો અને તેના ભોગો તે આત્માની વસ્તુ નથી. આવું જાણી ઇંદ્રિયજન્ય ભોગો સર્વથા છોડી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, ત્યાગ, ક્ષમા, વિનય, સરળતા, સંતોષ. આદિ ગુણો પ્રગટ કરવા અને રાગ, દ્વેષ, મોહનો ક્ષય કરવો એ ધર્મ છે.

વ્યવહારિક અને ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરી જીવનને પવિત્ર બનાવે છે તે મનુષ્યજન્મને સફળ કરી પરમ સુખને પામે છે.

અંતમાં શુદ્ધ ભાવથી એવી ભાવના કરૂં છું કે મને અને જગતના સર્વ પ્રાણીઓને સત્ય જ્ઞાનનો પ્રકાશ થાઓ, બધાના દુઃખ અને દુર્ગુણો નાશ પામો. અને સર્વ જીવ સત્ય અનંત અક્ષય આત્મિક સુખને પામો. **નિવેદકઃ–**

**ઘેલાભાઇ પ્રાણુલાલ શાહ.**

# વર્તમાન સમાચાર.

બબ્બે વર્ષના યાત્રા ત્યાગ પછી શ્રી પવિત્ર સિદ્ધાચળજીની યાત્રા ખુલી થતાં અશાડ માસમાં શુદી ૧૪ પછી સાથે સાથે શ્રી તાલધ્વજગિરિની આશાભેર યાત્રા કરવા જતાં કેટલાક યાત્રાળુઓ શેત્રુંજી નદીમાં આવેલ પુરને લઇને મછવામાં બેસી સામે કાંઠે જતાં, કમભાગ્યે મછવો ઉંધો વળી જતાં પંદર યાત્રાળુઓ નદીના પુરમાં તણાઇ જતાં સ્વર્ગવાસ પામ્યા છે તે માટે અમો સંપૂર્ણ ખેદ જાહેર કરીએ છીએ અને તે યાત્રાળુઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ. તેમ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

## ખરી મનુષ્ય સેવા.

રાજકોટ નિવાસી ડોકટર **રતિલાલ એસ. શાહ** કે જેઓએ વિલાયત જઇ આંખના કામમાં ખાસ કુશળતા પ્રાપ્ત કરી છે. સ્વાર્થ સાથે જનસેવા કરવાની ધગશ તેઓશ્રીને ઉત્પન્ન થતાં, કચ્છ અને ચોરવાડમાં નિઃસ્વાર્થ વૃત્તિથી શુમારે બે હજાર મનુષ્યોને ફ્રી મોતીયા ઉતારી, બીજી રીતે પણ શાંતિ ઉપજાવી, રાહત આપી પરમાર્થ કરી પુણ્ય ઉપાર્જન કર્યું છે. તેમને અત્રેના **શ્રી વડવા જૈન મિત્રમંડળ** કે જેઓ જૈન સમાજની સેવા ક્રમેક્રમે કરતાં ભવિષ્યમાં જનસેવા કરવાની અભિલાષા ધરાવતાં તે મંડલે ડોકટર રતીલાલ શાહને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્રે ભાવનગરમાં પધારી આંખના દરદીયોનું નિદાન કરવા આમંત્રણ કરતાં, ઉકત ડોકટર સાહેબ અત્રે આવતાં તા. ૫ થી તા. ૮ ચાર દિવસ સુધી શુમારે બે હજાર મનુષ્ય ( અત્રેના તથા બહારગામના ) ને તપાસી રાહત આપી છે: જેમાં સુમારે મોતીયા ઉતારવાવાળા પાંચશેં મનુષ્યને મોતીયા ઉતારવા માટે પોતાની સગવડે અત્રે સેવા કરવા પધારવા ઇચ્છા જણાવી છે. હજારો રૂપૈયાની આવક ( પોતાના સ્વાર્થને ) તિલાંજલી આપી મનુષ્ય સેવાના આવા અપૂર્વ કાર્ય માટે ડોકટર રતીલાલ શાહ ખરેખર ધન્યવાદને પાત્ર છે. આવાં જનસેવાના કાર્યના નિમિત્ત થનાર અને તે સેવામાં જેમનો જન સેવાનો ભાગ છે તેવો યોગ સાધનાર શ્રી વડવા મીત્ર મંડલે, તે નિદાનના ચાર દિવસો માં જે ખાવા પીવા કે સુવાની દરકાર રાખ્યા વગર વ્યવસ્થા ઉત્તમ પ્રકારે સાચવી છે તે માટે તેમને પણ ધન્યવાદ ઘટે છે. સાથે સાથે જાણવા પ્રમાણે શ્રી વિજયધર્મ પ્રસારક સભાના સભ્યોએ પણ વ્યવસ્થામાં ભાગ આપ્યો છે તે માટે તેમને પણ મુબારકબાદી ઘટે છે. હવે શ્રી વડવા મિત્ર મંડલને ભલામણ કરવામાં આવે છે કે અધુરૂ રહેલ મોતીયા ઉતારવાનું કાર્ય ડો. રતીલાલ શાહને ફરી આમંત્રી અનેક મનુષ્યોને તે માટે રાહત આપી પુણ્ય ઉપાર્જન કરવાનો સુયોગ જલદીથી સાધશો.

## શ્રી સમેત્તશિખરજી કેસ.

જે કેસ દીગંબરી સામે પટણા હાઇ કોર્ટમાં ચાલતો હતો તેનું ઘરમેળે સમાધાન ( પતાવટ ) તેમની અને આપણા વચ્ચે ચાલતા તે પ્રયત્ન નિષ્ફળ જતાં, પટણા હાઇ કોર્ટે ઘણા મુદ્દાઓનો ચુકાદો આપણા લાભમાં કર્યો છે. જાણવા પ્રમાણે શ્રી અંતરીક્ષજી તીર્થનો ફેસલો પણ આપણા લાભમાં થયો છે. આપણા તીર્થોમાં નકામી આડખીલો ઉભી કરી આપણને કોર્ટમાં ઘસડવાના પ્રયત્નો દીગંબરી બંધુઓ નિરર્થક કરી બન્ને ફીરકાના પૈસાનું પાણી કરાવે છે અને સમાધાનીના માર્ગો લેવાની આપણી ઇચ્છા તથા પ્રયત્નો હોવા છતાં પણ તે માર્ગને બદલે કોર્ટનો માર્ગ દીગંબરીભાઇઓ લઇ કલેશ વધારવાના પ્રયત્નો કરે છે જે ઇચ્છવા યોગ્ય નથી.

## આત્માનંદ પ્રકાશ માટે એક મુનિ મહારાજના હૃદયોદ્ગાર.

દરેક મનુષ્ય બાલક મટી યુવાન બને છે. આજે આત્માનંદ પ્રકાશ યુવાવસ્થામાં પ્રવેશ કરે છે, તે જાણી આનંદ યુવાવસ્થાની તાઝગી ચૈતન્ય, અને ઓજસ આત્માનંદ પ્રકાશ–પ્રકાશે તેના વાંચકોને સુંદર વિચારોના પ્રવાહમાં લુબ્ધ કરી બધાને પ્રફુલિત બનાવે એમ ઇચ્છું છું.

જેમ યુવાન મનુષ્યો સ્વતંત્ર વિચારોથી, વાણીના ધોધથી અને શરીરના બળથી બીજાને આકર્ષે છે, તેમ આત્માનંદ પ્રકાશ તેનાં વાંચકને વિચાર સ્વાતંત્ર્ય આપી વાણી અને ધર્મરૂપી શરીરના બળથી આકર્ષે એ અત્યારે ખાસ જરૂરી છે. યુવાન ધારે તેટલી સેવા કરી શકે તે ગમે તેવા કષ્ટોમાંથી પસાર થઇ જાય છે. અન્તમાં આત્માનંદ પ્રકાશને અને તેના કાર્યવાહકોને શાસનદેવ સુયોગ્ય શાસનસેવા કરવાનું બળ આપે એ શુભેચ્છા પૂર્વક વિરમું છું.

મુ. ન્યાય વિ. ના ધર્મલાભ.

**નવા પુસ્તકો ને રીપોર્ટોની પહોંચ ને સમાલોચના હવે પછીના અંકમાં આવશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શ્રી રંગુન જૈન પાઠશાળા.........................બી. વ. લાઇફ મેમ્બર.
૨ શ્રી ઉમેદખાંતિ જૈન જ્ઞાન મંદિર.................. „

---

### જુજ નકલો સીલીકે છે જલદી મંગાવો.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્ત્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય **શ્રીમાન્ યશોવિજયજી મહારાજ** છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈના ગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહીં જાણનાર સાધારણ વાચકો પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસાપૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્ત્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિકસાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિ મહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાં મળી શકશે.

લખો **શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

# અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

## નીચેના ગ્રંથો છપાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર „
**૩ विलासवईकहा अपभ्रंश छाया साथे.**
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૫ શ્રી મહાવીર ચરિત્ર „
**૬ श्री वसुदेव हिंडि प्राकृत.**

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસિક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. નંબર ૧-૫ ના ગ્રંથોમાં સહાયની આવશ્યકતા છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક છે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

---

### અધિકમાસનો અંક પ્રકટ કરવામાં આવતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિનય.

"પામર ! તારી ક્ષુદ્ર કૃત્તેહનું પ્રાગલભ્ય ધરાવનાર તું કોણ ? તું અજ્ઞાન છો, તેનું ભાન થતાં જાણજે કે તું જ્ઞાનને પહેલે પગથીયે ચઢયો. બીજાની નજરમાં જો તારે મૂર્ખ ન જણાવું હોય તો તું ડાહ્યો છું એવો ડોળ કરવાની મૂર્ખાઇ છોડી દે. સુંદર સ્ત્રી જેમ સાદા વસ્ત્રોમાં સુશોભિત દેખાયછે તેમ સરલ વર્તણુંક એ જ્ઞાનનું પરમ ભૂષણ છે. નમ્ર માણસની વાણી સત્યને શોભાવે છે; અને તેનું થોડા બોલાપણું તેને ભૂલોથી બચાવે છે. તે પોતાનાં ડહાપણ ઉપર આધાર રાખતો નથી, પણ પોતાના મિત્રોની સલાહ લેછે અને તેમાંથી સાર ગ્રહણ કરે છે. પોતાનાં વખાણથી તે દૂર નાસે છે, અને વખાણ કબુલ રાખતો નથી; તે કદિ પોતાની પૂર્ણતા સ્વીકારતો નથી, છતાંય બુરખો જેમ રમણીની સુંદરતામાં વધારો કરે છે, તેમ વિનયથી છુપાયલા તેના ગુણો પ્રકાશી નીકળે છે; પણ પેલો બડાઇખોર અને ઉદ્ધત માણસ શું કરે છે ? તે કિંમતી વસ્ત્રો પહેરી જાહેર રસ્તામાં ચારે બાજુ નજર નાંખતો ચાલે છે અને બીજાનું ધ્યાન ખેંચે છે. તે પોતાનું માથું અક્કડ રાખે છે અને ગરીબોની અવગણના કરે છે; પોતાનાથી ઉતરતા દરજ્જાના માણસો સાથે ઉદ્ધતાઈથી વર્તે છે, અને બદલામાં તેનાથી ચઢતા દરજ્જાના તેની મૂર્ખાઈ અને અભિમાન ઉપર હસે છે. તે બીજાની સલાહને ધૂતકારી કાઢે છે, અને પોતાના ઉપરજ આધાર રાખી ગુંચવાડામાં પડે છે. પોતાની કલ્પનાના તરંગથી તે ફુલાઇ જાય છે. અને આખો વખત પોતાના વખાણ સાંભળવામાંજ મગ્ન રહે છે. પોતાના વખાણ તે લોલુપતાથી ગ્રહણ કરે છે અને ખુશામતીઆઓ તેનો વિનાશ કરે છે."

શ્રી યજુર્વેદી.

For Private And Personal Use Only